પ્રકાશિત દર માસની ૧૦ તારીખે
વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-

હરિઃ ૐ

# હરિભાવ

વર્ષ : ૧૭ - અંક : ૮

મેં , ૨૦૧૩



પાર પાડવું ધારેલું, તે તો શ્રીપ્રભુ હાથ છે,
એટલી પ્રાર્થના મારી , સાધન અણમોલ છે.
કિંતુ જે માગીએ તેથી, ઊંધું જો પરિણામ હો,
પ્રભુની ભેટ જાણીને, સ્વીકારી હર્ષ સાથ લ્યો.

- શ્રીમોટા

'વિધિવિધાન', બી. આ., પૃ. ૧૦૮



ભાવ, ઔર વ્યક્ત કરના, યે દોનોં પરસ્પર વિરોધી બાત હૈ.
જો ભાવ હૈ, ઉસકી અભિવ્યક્તિ હો હી નહીં સકતી.
ભાવ યા પ્રેમ ભી ઈશ્વરની માફક શબ્દાતીત છે.
હમારા શાસ્ત્ર ભી કહતા હૈ- 'ભાવો હિ વિદ્યતે દેવા...'

- સાવલીના સ્વામીજી

'જિજ્ઞાસુની ડાયરી', બી. આ., પૃ. ૩૦૬

રજિ. ઑફિસ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯) ૨૬૬૨૦૭૫૪

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૧૭ અંક : ૮ મે, ૨૦૧૩

**ટ્રસ્ટીમંડળ**

શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રીમતી નીમા મિનેષ અમીન
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રી પ્રભુદાસ જાની

**'હરિભાવ' અંગે**

૧. 'હરિભાવ' દર મહિનાની દસ તારીખે રવાના કરાય છે.
૨. લવાજમ/ભેટની રકમ **'હરિવાણી ટ્રસ્ટ'**ના નામે ચેક/ડી.ડી./મ.ઑ./રોકડેથી નીચેના સરનામે મોકલવી. ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.

**લવાજમ**

| | ભારત | પરદેશ (ઍરમેઈલથી) |
|---|---|---|
| વાર્ષિક : | રૂ. ૫૦/- | રૂ. ૬૦૦/- |
| આજીવન : | રૂ. ૫૦૦/- | રૂ. ૬૦૦૦/- |

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**

'હરિવાણી ટ્રસ્ટ'
૧૧, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, છેલ્લા બસ સ્ટૅન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩

**ઈ-બૅંકિંગ માટે :**
ખાતાનું નામ : **હરિવાણી ટ્રસ્ટ**
સેવિંગ્સ ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે તરત જ મોકલવા વિનંતી છે.

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, (૦૭૯)૨૭૫૪૩૬૯૯**

* Subject to Ahmedabad Jurisdiction

## અનુક્રમ

૧. સંસારી સંબંધ કરતાં ભગવાનનો ભાવ હાજરાહજૂર. શ્રીમોટા ૪
૨. શિષ્યો-સાધકો વચ્ચે સુમેળ ન હોવાનું માનસશાસ્ત્રીય કારણ . . શ્રીમોટા ૫
૩. ...હજીય મન નિર્ભય ના બને છે ! ..... ઈન્દુબહેન જે. પટેલ ૭
૪. જૂનીનવી પેઢીના ઝઘડા
'આગે સે ચલી આતી હૈ' .................. દાદા ભગવાન ૧૦
૫. કર્મ, વિકર્મ અને અકર્મ ............... રવિશંકર મહારાજ ૧૧
૬. 'જીવદશાનાં વમળોમાં' ........................ શ્રીમોટા ૧૨
૭. પદ્યપ્રસાદી 'મોહ' (૩) ........................ શ્રીમોટા ૧૪
૮. પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ (૨) .. ડૉ. અનિલભાઈ ૧૫
૯. શરીરનું અને જન્મદિવસનું મહત્ત્વ .............. શ્રીમોટા ૧૭
૧૦. વિચારમાત્ર અટકે તો ઉત્તમ .................... શ્રીમોટા ૧૮
૧૧. ભગવાન નિત્યાનંદ ..................... સ્વામી મુક્તાનંદ ૧૯
૧૨. જન્મ અને મૃત્યુ-બે અલ્પવિરામ ............. મકરન્દ દવે ૨૨
૧૩. પૂજ્ય શ્રીમોટા-વકતૃત્વ અને નિબંધ સ્પર્ધા..યશવંતભાઈ પટેલ ૨૫

## જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી જયંતીભાઈ ડી. પટેલ, મારબલવાળા રહેવાસી અમદાવાદ તરફથી તેઓશ્રીનાં ધર્મપત્ની શ્રીમતી ઈન્દુબહેનની ૮૧મી જન્મજયંતી નિમિત્તે 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે, તે બદલ એ પરિવારના અમો ખૂબ ખૂબ આભારી છીએ. આ પરિવારના યજમાન પદે પૂજ્ય શ્રીમોટાનો દીક્ષાદિન-વસંતપંચમીનો સને ૧૯૮૧નો અને સને ૧૯૯૯નો ઉત્સવ યોજાયો હતો. **-સંપાદક**

# (૧) સંસારી સંબંધ કરતાં ભગવાનનો ભાવ વધારે હાજરાહજૂર

- શ્રીમોટા

ભગવાને આપણને કેટકેટલું આપેલું છે. એનો આપણને જીવનમાં ખ્યાલ પણ આવતો નથી. એવા ખ્યાલ જો વારંવાર આવ્યા કરતા હોય તો આપણને ભગવાન ઉપર ખૂબ જ વહાલ, પ્રેમ ઉભરાયાં કરે છે.

મને તો એવી ટેવ છે, કે જે જે સ્વજનન મને પ્રેમ આપે છે, એમનું સ્મરણ આ રીતે જ ભગવાનની કૃપા તરીકે હું કરું છું અને મનમાં ઓછો ઓછો થઈ જાઉં છું.

આમ, ભગવાન કેવો કૃપાળુ, પ્રેમાળ અને હિતચિંતક છે, એનો એ રીતે જીવનમાં પ્રત્યક્ષ અનુભવ થાય છે. એવો અનુભવ જેમ જેમ ગાઢો થતો જાય છે, તેમ તેમ જીવનમાં મઝા, રસ, લહેજત અને એની અંતર્ગત સંકલનાનો હેતુ જીવન સમક્ષ સ્પષ્ટ સમજાય છે. વળી, ભગવાનના ભાવમાં જ ડૂબ્યા રહીને જગતમાંની એની લીલા નિહાળ્યા જ કરવાનું મન થાય છે.

વ્યવહારમાં જેને આપણે જાણતા નથી હોતા, એવાની સાથે આપણો સંબંધ થતાં તેમને નજીક આવેલા આપણે અનુભવીએ છીએ, એ તો સૌ કોઈનો પ્રત્યક્ષ અનુભવ છે. એટલે સંબંધ જ મહત્ત્વનો છે.

**સંસારના સંબંધીઓ કરતાં ભગવાનનો ભાવ તો વધારે હાજરાહજૂર છે.** પણ એનો સંબંધ આપણે હજી પૂરો ને રસ-પ્રેમ ભાવથી બાંધી શક્યા નથી. તેથી જ એ આપણને આઘે ને આઘે લાગે છે. એવો સંબંધ થતાં એ તો પાસે જ છે. એટલે આપણી સર્વશક્તિ, સર્વભાવ, સર્વ પ્રેમાકર્ષણ, ખંત, બળ વગેરે જે કંઈ આપણામાં ને આપણું હોય તે બધાનો ઉપયોગ એનો સંબંધ બાંધવામાં જ જ્યારે આપણે કર્યા કરીશું ત્યારે આપણને એના હાજરાહજૂર પણાની ઝાંખી થયા વિના રહેશે નહિ. માત્ર આપણે ખાઈખપૂસીને મંડ્યા રહેવાનું છે.

કોઈને પણ સારાં કામમાં જો આપણે મદદ કરીએ છીએ તો તે માણસને આપણા માટે કેટલું બધું સારું લાગ્યા કરે છે અને આપણા માટે કેટલી બધી મમતા ઉભરાયા કરે છે ! આપણે ધારીએ તો તો આપણા જીવનમાં - વ્યવહારમાં - જગતમાં કેટલાં બધાંને મદદરૂપ થઈ શકીએ એમ છીએ ! પણ આપણે આપણામાંથી જ ક્યાં પરવારીએ છીએ ?

આપણે એટલા બધાં અજ્ઞાનમાં ડૂબેલાં અને પામર છીએ કે આપણા સિવાય બીજા કોઈનો ઝટ ખ્યાલ જ આપણને આવતો નથી. આપણે આપણાથી પર થઈ શકતાં નથી, એ કેટલું ભારે બંધન છે, પણ એ બંધનનો ખ્યાલ સરખોય આપણને કદી આવે છે ખરો ? આપણને તો એથી ઊલટો એમાં રસ પડે છે.

આ કંઈ તમારી વાત કરતો નથી. તમારે માથે ઓઢી લેવાનું નથી. **હું તો સામાન્યપણે જગતજનો માટે લખું છું. તેમાં આપણે પણ આવી જઈએ છીએ.**

જો આપણે, આપણને છોડીને બીજાનો ખ્યાલ કરવાનું રાખીએ તો જરૂર આપણું જીવન પ્રત્યેનું સમગ્ર દૃષ્ટિબિંદુ બદલાયા વિના રહે નહિ.

ભગવાને આપેલી અનુકૂળતાનો આપણે કેટલો લાભ લીધો છે ? એ રીતે વિચારતાં આપણે કેટલા બધા નગુણા છીએ એનો ખ્યાલ આવ્યા વિના રહેતો જ નથી. કોઈ દલીલ કરે કે 'અમને જે મળ્યું છે તે બધું અમારી બુદ્ધિ, હોશિયારી અને અમારા પુરુષાર્થને લીધે મળેલું છે. બુદ્ધિ, હોશિયારી અને પુરુષાર્થ બીજા અનેક દાખવ્યા કરતાં હશે, પણ એ લોકોને એવા સંજોગો પ્રાપ્ત થયેલા હોતા નથી, એવા અનુભવ પણ આપણને જગતમાં થયા કરે છે.

સંસાર વ્યવહારમાં આપણા પર કોઈ જરાક જેટલો ઉપકાર કરે છે તો એને આપણે કેવું યાદ કરીએ છીએ ! પણ ભગવાનને એવી રીતે આપણે યાદ કરીએ છીએ ખરાં ?

'જીવન પગરણ' બી.આ., પૃ.૧૫૪ ❑

# (૨) શિષ્યો-સાધકો વચ્ચે સુમેળ ન હોવાનું માનસશાસ્ત્રીય કારણ

- શ્રીમોટા

ઈશ્વરની રચના એવી છે, કે એક જ સમર્થ પુરુષ કેટલાયને તારી શકે અને તારે પણ છે. એક જ ગુરુને અનેક શિષ્ય હોય છે. શિષ્યોના સૂત્રધાર એક જ ગુરુ હોવા છતાં એમના પરસ્પરના વર્તનમાં ઘણી વાર સાધકને છાજે નહિ એવું વર્તન થતું જોવામાં આવે છે. ખરું જોતાં તો **સાધકો એટલે ગુરુરૂપી વિરાટ શરીરનાં જુદાં જુદાં અંગો.** જેમ માનવીશરીરના દરેક અંગનાં નામ, કામ અને પ્રકાર જુદાં જુદાં હોય છે, તેવું જ ગુરુના વિરાટ શરીરનાં આ અંગો વિશે છે.

શરીરનાં અંગોમાં માંહોમાંહે એકવાર ઝઘડો જાગ્યો અને પરિણામે આખા શરીરને અને અંદર જીવને ભારે સંતાપ અને દુઃખ થયાં એવી એક બાળવાર્તા સંપનો મહિમા ગાવા માટે રચાયેલી છે, પણ આ બાળવાર્તા સાધકોના પરસ્પરના વર્તન માટે પણ પથ્ય અને હિતકારી છે, કેમ કે ઘણી વાર સાધકોને પોતાના ગુરુ પ્રત્યે તો કૈંક પ્રેમ હોવા છતાં પણ **એકબીજા વચ્ચે પૂરતો સુમેળ હોતો નથી, તેનું પણ માનસશાસ્ત્રીય કારણ છે.**

જ્યારે કોઈ જીવ સાધક દશામાં આવે છે, ત્યારે તેના સ્વભાવનાં સારાં તત્ત્વો અને અનિષ્ટ તત્ત્વો બંને જે અત્યાર સુધી સાધકમાં પડી રહેલાં હતાં, તે ઉપર તરી આવે છે, બહાર દેખાઈ આવે છે, તેમાં પણ પહેલો હુમલો તો એનાં નકારાત્મક તત્ત્વો તરફથી જ થતો હોય એમ જણાય છે.

ઈર્ષા, અસૂયા, હુંપણું, ગુરુ ઉપર પોતાની માલિકીની વૃત્તિ વગેરે એકદમ જોરથી હુમલો કરે છે.

ઘણાં વર્ષથી વહેતી કોઈ નીકમાં કે ખાળકૂંડીમાં નીચે કચરો પડી રહેતો હોય અને તેની ઉપરથી પાણી વહી જતું હોય તો તે પાણી પ્રમાણમાં ઘણું સ્વચ્છ હોય છે, પણ જ્યારે નીક સાફ કરવાની શરૂઆત થાય છે, ત્યારે તે પાણી ઊલટું વધારે ડહોળાય છે, અને બદબો ઘણી જ નીકળે છે. તેવું જ સાધકના જીવ વિશે બને છે.

**બહારની સંસારી દુનિયામાં લોકો જેટલા ઝઘડતા ન હોય તેથી વધારે પ્રમાણમાં સાધકોમાં કદી કદી માંહોમાંહે ઝઘડા થતા હોય છે.** આથી, આવા સાધકો સંસારી લોકો કરતાં પણ નીચા છે એવું માનવા તરફ ઈતર જનો દોરાય છે, પણ વાસ્તવિક રીતે તે માન્યતા અયોગ્ય છે.

સાધકમાં અને સંસારી માનવીમાં એક મોટો ફેર છે. એની બધી વિકૃતિઓ છતાં થોડેઘણે અંશે તે ભગવાન તરફ અભિમુખ હોય છે. એટલે કાળક્રમે તે પોતાના સ્વભાવને વધારે ને વધારે ઊંડી રીતે પારખતો જતો હોય છે અને એના નીચલા થરના વહનના પટને છોડતો જતો હોય છે. એટલે કે તે સ્વભાવને વશ થવાનું ઓછું ને ઓછું કરતો જાય છે. એટલે અંતે આવા સાધકો વચ્ચે અંતે તો એક દિવસે સુમેળ જાગ્યા અને જામ્યા વિના રહેવાનો જ નથી. સંસારીઓ વચ્ચેના મેળ અને સાધકો વચ્ચેના આવા મેળમાં પણ આસમાન જમીનનો ફરક હોય છે.

**સ્વભાવના હુમલા ગમે તેટલા જોરદાર થાય તોપણ, ત્યારે પણ, કાળજી રાખીને, જાગૃતિથી, તેનાથી દોરવાઈ જઈને બીજા પ્રત્યે અયોગ્ય વર્તન ન થાય એવું જોવા અને વર્તવા મથનાર, એનું નામ સાધક.** પોતાને થયેલા કે થતા કોઈ પણ આઘાત વિશે, પોતાને અન્યાયી દેખાતા વર્તન વિશે, જે કોઈ સાધક સામાનો વાંક જોશે અથવા શોધવા મથશે તે કાં તો સાધક નથી કે કાં તો તે પ્રસંગ

પૂરતો તો કોઈ ભારે ભ્રમણામાં પડેલો જીવ છે.

માનવીની પ્રકૃતિ કોઈ સજીવ પ્રાણીની માફક જ પોતાની સાધક ઉપરની પકડ ઓછી થતી જુએ છે, ત્યારે હાથ જોડીને બેસી રહેતી નથી, રામરાવણ યુદ્ધમાં કદાચ સૌથી વધારે ત્રાસ દેનાર ઇંદ્રજિત હતો, કેમ કે તે પોતાને માયાવી સ્વરૂપમાં ઢાંકી દઈને, વાદળાં પાછળ છુપાઈને બાણ ફેંકતો હતો. તેવી જ રીતના પ્રકૃતિના હુમલા વધારે ને વધારે ગુપ્ત વેશના થતા જાય છે.

પ્રત્યેક સાધક પ્રત્યે ગુરુ તેની તેની જરૂરિયાત જોઈને તેની તેની સાથે વર્તતો હોય છે. તેમાં **ગુરુને કોઈ પક્ષાપક્ષી હોતી નથી.** છતાં ક્યારેક ગુરુના બીજા સાધક પ્રત્યેના વર્તન વિશે પોતાની સમજણ પ્રમાણે તે મડાગાંઠ બાંધી લેતો હોય છે એમાં સાધક પોતાને તેમ જ ગુરુને-અન્યાય કરે છે. માટે આ બાબતમાં સાધકે સાવધ અને તટસ્થ રહેવું જોઈએ.

❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | જયંતીભાઈ ડી. પટેલ - મારબલવાળા તરફથી તેમનાં ધર્મપત્ની શ્રીમતી ઈન્દુબહેનની ૮૧મી જન્મજયંતી (૨૨/૫) નિમિત્તે જ્ઞાનદાન | અમદાવાદ | ૧૧,૧૧૧/- |
| ૨. | 'ભાવ' ભેટ પુસ્તિકા માટે સહયોગ | | |
| | (૧) ચંદ્રમણિબહેન ચંદુભાઈ પટેલ | નડિયાદ | ૯,૦૦૦/- |
| | (૨) હરીશભાઈ ચંદુભાઈ પટેલ | અમેરિકા | ૯,૦૦૦/- |
| | (૩) ઉષાબહેન એસ. પટેલ | અમેરિકા | ૯,૦૦૦/- |
| | (૪) સુધાબહેન એસ. પટેલ | અમેરિકા | ૯,૦૦૦/- |
| | (૫) સરોજબહેન કે. પટેલ | અમેરિકા | ૯,૦૦૦/- |
| ૩. | સદ્‌ગત પિતાશ્રી ધીરુભાઈ મોદી (નડિયાદ)ની પુણ્યસ્મૃતિમાં હસ્તે ચેતનાબહેન નિરંજનભાઈ પારેખ | મુંબઈ | ૭,૦૦૦/- |
| ૪. | સદ્‌ગત માતુશ્રી પુષ્પાબહેન દલાલની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે લતાબહેન અનિલભાઈ શાહ | મુંબઈ | ૨,૧૦૦/- |
| ૫. | શાંતિભાઈ પટેલ જન્મદિન નિમિત્તે | અમદાવાદ | ૧,૧૦૦/- |
| ૬. | સદ્‌ગત ધર્મપત્ની આનંદીબહેનની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ઠાકોરલાલ મોહનલાલ વ્યાસ | નરોડા | ૧,૦૦૧/- |
| ૭. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૮. | મોનાબહેન ઈશ્વરભાઈ પટેલ | ઊંઝા | ૧,૦૦૦/- |
| ૯. | વિષ્ણુપ્રસાદ કેશવલાલ પટેલ | રણાસણ | ૧,૦૦૦/- |
| ૧૦. | સદ્‌ગત અરવિંદાબહેન ખત્રીની પુણ્યસ્મૃતિમાં હસ્તે પરિવાર | અમદાવાદ | ૭૦૦/- |
| ૧૧. | રસીલાબહેન પ્રવીણચંદ્ર દેસાઈ | મુંબઈ | ૫૦૦/- |
| ૧૨. | પારુલબહેન કેતનકુમાર અધ્વર્યુ | અમદાવાદ | ૩૦૧/- |
| ૧૩. | એક સ્વજન | અમદાવાદ | ૩૦૦/- |

આ સર્વે સહાયકના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક

## (૩) ...હજીય મન નિર્ભય ના બને છે !

- ઈન્દુબહેન જે. પટેલ

પૂજ્ય શ્રીમોટાનો દીક્ષાદિન - વસંતપંચમીનો સને ૧૯૯૯નો ઉત્સવ અમદાવાદ ખાતે અમારા પરિવારના યજમાનપદે યોજાયો હતો. એ પ્રસંગે કોઈ વક્તાને પ્રવચન માટે આમંત્રણ આપવાના બદલે પૂજ્ય શ્રીમોટા સાથેના મારાં સંસ્મરણો-અનુભવો એ વિષય ઉપર મારે જ બોલવું એવી સલાહ સદ્‌ગત ડૉ. રમેશભાઈ ભટ્ટ તરફથી અમોને મળી હતી. તે પ્રવચનમાં શ્રીમોટા સાથેનાં સંસ્મરણોની ઘણી બાબતોનો મેં ઉલ્લેખ કર્યો હતો. જે પાછળથી 'હરિભાવ'માં પ્રકાશિત થયો હતો.

મે મહિનાની બાવીસમી તારીખે મારો જન્મદિવસ આવે છે. આ વર્ષની મારી ૮૧મી જન્મજયંતી નિમિત્તે 'હરિભાવ'ના મે માસના અંકના પ્રકાશનમાં સહયોગ આપવાની ભાવના અમારા પરિવારને થઈ. એટલે 'હરિભાવ'ના સંપાદકશ્રીએ મને કહ્યું કે શ્રીમોટા સાથેના કોઈ વિશેષ સંસ્મરણ-અનુભવ હોય તો તે અંગે મારે લખવું. એટલે થોડાક સંસ્મરણની વિગતો જણાવું છું. જોકે તેમાં મહત્તા તો શ્રીમોટાની જ છે, એ વાત હું સ્વીકારું છું.

જૈનધર્મની ઘેરી અસર મારા જીવન પર પડેલી છે. આજે પણ **'મોટા મહાવીર'** એમ સ્વભાવિક રીતે મારાથી બોલાઈ જાય છે. મારામાં સંપૂર્ણ શરણાગતિ શ્રદ્ધા, આજ સુધી આવી નથી. એ માટેનો પ્રયાસ સતત ચાલુ છે. છતાં ક્યાંક બુદ્ધિ આગળ આવે છે.

શ્રીમોટાના કોઈ પ્રસંગમાં કે તેઓને મળવા અમે જઈએ ત્યારે મોટા એક જ વાક્ય મને કહે કે, **'ઈન્દુબા આનંદમાં રહેજો.'** એટલે મારું મન વિચારે ચડી જાય. ત્યારે મને સમજાયું ન હતું કે આ મારા માટેની ભવિષ્યવાણી છે કે જીવનમાં આવનારા દુઃખદ પ્રસંગોની ચેતવણી રૂપે ઉચ્ચારાયેલા આ શબ્દો છે. મને જ સંબંધીને આ વાક્ય મોટા ઘણીવાર કહેતા હતા. એ શબ્દો હજી પણ મારા કાનમાં ગૂંજે છે. અત્યારે લાગે છે કે અમે અજ્ઞાની કાંઈ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને. મોટાના એ શબ્દોની યાદ આવતાં મારી આંખમાંથી આંસુ સરી પડે છે.

શ્રીમોટા સાથેનું મારું બીજું સંસ્મરણ છે મને પેટની બીમારી માટે ઑપરેશન કરાવી લેવાની મોટાએ આપેલી સલાહ બાબતનું. મને વારે વારે મોટા ટકોર કરે, **'ઈન્દુબા ઑપરેશન કરાવી લો'** એક વખત તો જયંતીભાઈની સાથે મારે જવાનું થયેલું ત્યારે જયંતીભાઈને સંબોધીને મોટાએ કહ્યું, 'જયંતીભાઈ, ઈન્દુબાને ઑપરેશન માટે અત્યારે જ લઈ જાવ' શ્રીમોટા આવી ટકોર કરે ત્યારે તરત જ મારું મન શંકાશીલ બનીને કહેવા લાગે કે શ્રીમોટા પોતે નથી કોઈ ડૉક્ટર કે નથી કોઈ સર્જન. તો પછી આવી બેહૂદી વાતો શા માટે કરતા હશે ?.

મને મૃત્યુનો ડર બહુ હતો. એની વાત થતાં મોટા તો મને વચન આપી બેઠા કે, **'જા મારુ આયુષ્ટ તને આપ્યું'** ત્યારે પણ શ્રદ્ધાનો અભાવ એટલે મારી બુદ્ધિ દલીલ કરે કે કોઈ એક વ્યક્તિ પોતાનું આયુષ્ય બીજાને આપી શકે ખરું ? મોટાની વાત મેં સ્વીકારી નહીં અને પેટની બીમારીનું ઑપરેશન કરાવેલું નથી. હવે એમ લાગે છે, કે જો મોટાની વાતનો સ્વીકાર કરી ઑપરેશન કરાવ્યું હોત તો સારું હતું, પણ મારી શ્રદ્ધાનો અભાવ અને બુદ્ધિએ આજ સુધી એનું જ કામ કરી તર્કવિતર્ક કરાવ્યા છે.

એક સ્નેહી મિત્ર દંપતી અને અમે બે એમ કુલ ચાર જણાંએ 'બાગબાન' પિક્ચર જોવાનું નક્કી કરેલું. પિક્ચર શરૂ થઈ ગયું પણ પેલાં બે જણ આવેલાં નહિ. ટિકિટો અમારી પાસે હતી. થોડાક સમય પછી એ બે જણ આવ્યા. સમય વધુ ન બગડે એટલે જયંતીભાઈ અને એ બે જણ એસ્કેલેટર પર ચડીને થિયેટરમાં પહોંચી ગયા. હું એક સેકન્ડ માટે વિચારે ચડી ગઈ કે એસ્કેલેટર પરથી જવું કે પગથિયાં ચડીને. મારા બન્ને પગની રીપ્લેસમેન્ટનાં ઑપરેશન કરાવેલ હતાં એટલે આ દ્વિધા હતી. છેવટે મને પણ થયું કે એસ્કેલેટર પરથી જવાદે જેથી જલદીથી જઈ શકાય. પણ જ્યાં એક પગ એસ્કેલેટરની ગતિ સાથે તાલમેલ રાખી ન શક્યો. એસ્કેલેટર તો ચાલુ જ હતું. એટલે હું ચત્તાપાટ પડી ગઈ. એ જોઈને સીક્યુરીટીવાળા ભાઈએ એક્સલેટર તુરંત જ બંધ કરી દીધું અને દોડીને મારી પાસે આવ્યા.

મારી આંખો બંધ હતી. કારણ કે મને થયું કે મારું એક પણ અંગ હવે સાજું નહિ હોય. અને હવે હું ઊભી નહિ થઈ શકું. સીક્યુરીટીવાળા ભાઈએ મને કહ્યું કે બહેન આંખો ખોલો. તમારા શરીરને કોઈ પણ જગ્યાએ ઈજા થઈ નથી. તમે ઊભા થઈ શકશો. પણ મને વિશ્વાસ હતો નહિ. એટલે એ ભાઈએ ટેકો આપીને મને બેઠી કરી, પણ જ્યાં મેં આંખો ખોલી ત્યાં તો સામે જ અમારા રૂમમાં જે ફોટો હતો તે જ સ્વરૂપમાં શ્રીમોટા મારી સન્મુખ ઊભેલા હતા. મને ઊભા થવામાં સીક્યુરીટીવાળા ભાઈએ મદદ કરી. હું ઊઠીને પગે લાગું ત્યાં જ મોટા અદશ્ય થઈ ગયા અને મારી આંખો આંસુથી છલકાઈ ગઈ.

સીક્યુરીટીવાળાભાઈ મને છેક મારી સીટ ઉપર બેસાડી ગયા. પેલા ત્રણે તો પિક્ચર જોવામાં મશગૂલ હતા. મારાં આંસુ પિક્ચરના સળંગ ત્રણ કલાક સુધી ચાલુ જ રહ્યા. વચ્ચે જયંતીભાઈએ એક વખત મને આંસુ અંગે પૂછ્યું પણ મારી પાસે બોલવાના કોઈ જ શબ્દો હતા નહિ.

પિક્ચર છૂટતાની સાથે ફરીથી એ સીક્યુરીટીવાળા ભાઈ મારી સીટ પાસે આવ્યા મને અમારી ગાડી સુધી મૂકી ગયા. મેં જયંતીભાઈને કહ્યું કે મને નાના દીકરા ડૉ નંદીશને ત્યાં મૂકી જાવ. કારણ કે હું ખૂબ જ ગભરાયેલી હતી. નંદીશને મેં બધી વાત કરી એટલે પહેલાં તો તેણે મને ઠપકો આપ્યો કે ભણતરની તારી ડિગ્રી પાછી આપી દે. પડી ગયા પછી પિક્ચર જોવાની જરૂર ક્યાં હતી ? મને ફોન કરીને બોલાવી લેવાય અને ઑર્થોપેડિક સર્જનને બતાવી લેવાત. હવે આજે અહીં જ રોકાઈ જા. પછી એક્સરે લેવડાવ્યા પણ તેમાં કોઈ મૅજોર ઈન્જરી જણાઈ નહિ, ફક્ત જમણા હાથના ખભામાં 'માયનોર ક્રેક' હતી.

હું મારી જાતને સમજાવી શકતી નથી. બચાવવાવાળા હજુ બેઠા છે. છતાંય બુદ્ધિ એનો અહમ્ છોડવા તૈયાર નથી.

છેલ્લે મોતિયાના ઑપરેશનની વાત કરી લઉં, મારા નાના દીકરા નંદીશે M.S. માં Eye સર્જનનો વિષય લીધેલો. મોતિયાના ઑપરેશન માટે મને એ ડૉ. વસાવડા સાહેબના ત્યાં લઈ ગયો હતો. ઑપરેશન કરતાં પહેલાં આંખમાં ડ્રૉપ્સ નાંખે છે પછી અડધા કલાક જેવા સમય માટે સુવાડી રાખવામાં આવે છે. તે વખતે પાછી મારી બુદ્ધિ આડે આવી. મને ઑપરેશનનો ડર સતાવવા લાગ્યો અને શરીર ધ્રૂજવા લાગ્યું, નંદીશને મેં પૂછ્યું કે ઑપરેશન સફળ નહિ થાય તો હું એક આંખ ગુમાવી બેસીશ. નંદીશે કહ્યું કે મમ્મી તું ખોટું ડરે છે. તને બેસ્ટ સર્જન પાસે લાવ્યો છું. મારા

ખ્યાલમાં છે ત્યાં સુધી આ ડૉક્ટરના હાથે કોઈ કેસ બગડ્યો નથી. તું સલામત હાથોમાં છું, માટે વિચારો છોડી દે અને મનને શાંત કર.

મને ઑપરેશન થિયેટરમાં લઈ ગયા. ટેબલ ઉપર સુવાડી ત્યાં સુધી મારો ભય ગયો ન હતો. છેલ્લે મોટાને યાદ કર્યા. ડૉક્ટર સાહેબે મને કહ્યું કે ઇન્દુબહેન હવે બિલકુલ હાલશો નહિ. હું ઑપરેશનની તૈયારી કરું છું. ફરીથી મેં મોટાને યાદ કર્યા. મને સૂક્ષ્મ સ્વરૂપે મોટાની હાજરી અનુભવાઈ. તે પછી આંખો બંધ કરીને સૂઈ ગઈ.

ઑપરેશન થઈ ગયું. વસાવડા સાહેબ બોલ્યા, ઇન્દુબહેન હવે તમે દેખી શકો છો. આંખો ખોલશો તો થોડો બ્રાઈટ પ્રકાશ દેખાશે ચશ્માં પહેરવાની જરૂર નથી. ડ્રેસિંગ કરવાની જરૂર નથી. કાલે સવારે આંખના ચેકિંગ માટે આવી જજો. એ પ્રમાણે બીજે દિવસે સવારે ચેકઅપ માટે અમે ગયા. બધું ચેકઅપ કરી લીધા પછી ડૉ. વસાવડા સાહેબે કહ્યું કે બધું જ ખૂબ સરસ છે. ફક્ત ટીપાં નાંખજો અને બધું જ કામકાજ કરી શકો છો.

પણ ડૉ. વસાવડા સાહેબને એક પ્રશ્ન અમને પૂછવો હતો. તેઓએ કહ્યું કે ઇન્દુબહેન આજ સુધી મારા હાથે ઘણા જ ઑપરેશનો થઈ ગયા છે. તમે જ એક પેશન્ટ તરીકે એવા હતા કે ઑપરેશન દરમ્યાન તમારા શરીરનું કોઈપણ અંગ સહેજ પણ હાલ્યું નથી. તમારા મુખારવિંદ ઉપર ખૂબ જ સ્વસ્થતા હતી, ભયની કોઈ રેખા પણ ન હતી. અને પ્રસન્નતા દેખાતી હતી, આનું રહસ્ય તમે મને સમજાવશો ?

મારાથી એક જ જવાબ અપાઈ ગયો કે 'સદ્ગુરુની કૃપા'. આના સિવાય બીજું કોઈ જ રહસ્ય નથી.

જ્યાં મારા ગુરુ જ રક્ષણ માટે આવી જાય છે, એનાથી વધારે શું જોઈએ ? ગુરુની કૃપા તો આજેય છે. એની કસોટી હરપળે કે હરક્ષણે કરવાની ન હોય. છતાંય મન વિચારે ચડી જાય ત્યારે કોઈક સ્વજન સાથે સત્સંગ કરી પ્રેરક બળ મેળવીએ. તે પણ મળી રહે છે. છતાંય તે પછી હતા એવા ને એવા થઈ જવાય છે.

મોટાની કૃપા, સ્વજનોનું પ્રેરક બળ અને મનની પૂરેપૂરી તૈયારી હોય તો જ જીવનવિકાસના આ કઠિન માર્ગનાં પગથિયાં ચડી શકાય અને મોટાએ ચીંધેલા માર્ગ તરફ પ્રયાણ થઈ શકે.

છેલ્લે **'મોટા ચરણે'**માંની નીચેની કડીઓને યાદ કરી મારા આ લખાણને વિરામ આપું છું.

**'મને સહારો પ્રભુ ! આપનો છે,'**
**એનાં પ્રમાણો મળતાં રહે છે,**
**પરંતુ મારું મન ધૈર્ય ચૂકે,**
**હજીય ના નિર્ભય તે બને છે.'** ❑

**ખાસ વિનંતી :**

(૧) પૂજ્ય શ્રીમોટાના ૭૫મા સાક્ષાત્કાર દિને સુરત મુકામે હરિભાવના જે ગ્રાહકો થયા તેમ જ જેઓએ ભેટ આપી તેની કાર્યાલયની પાવતી બુકો નારેશ્વર થઈને પરત થતાં નારેશ્વર ખાતે ચોરાઈ ગઈ છે, તે અંગે ઘટતી કાર્યવાહી ચાલુ છે. લવાજમ/ભેટની પાવતીઓની ઝેરોક્ષ અમોને મોકલાવાય એવી દરમ્યાનમાં ખાસ વિનંતી છે.

(૨) પૂજ્ય શ્રીમોટાના ૭૫મા સાક્ષાત્કાર દિન-રામનવમીનો ઉત્સવ સુરત ખાતે તા. ૨૦/૨૧ એપ્રિલ ૨૦૧૩ના રોજ ઉજવાઈ ગયો છે. તેનો અહેવાલ જૂન '૧૩ના હરિભાવમાં પ્રકાશિત કરાશે.

## (૪) જૂનીનવી પેઢીના ઝઘડા 'આગે સે ચલી આતી હૈ'

- દાદા ભગવાન

જૂની પેઢીવાળાં છોકરાઓ જો કચકચ કરતા હોય તો હું એને પૂછું કે તમે નાના હતા ત્યારે તમારા બાપ કશું તમને કહેતા હતા કે ? ત્યારે કહેશે, બાપાય કચકચ કરતા હતા. એ બાપાને પૂછીએ કે તમે નાના હતા ત્યારે ? તો કહેશે કે અમારા બાપાય કચકચ કરતા હતા. એ બાપાને પૂછીએ કે તમે નાના હતા ત્યારે ? તો કહેશે કે અમારા બાપાય કચકચ કરતા હતા. **આ 'આગે સે ચલી આતી હૈ'**

છોકરો જૂની વાત સ્વીકારવા તૈયાર નથી. એટલે આપણે બધા વાંધા પડી ગયા છે. બાપને હું મોડર્ન થવાનું કહું છું, તો તે થતા નથી. મોડર્ન થવું એ કંઈ સહેલી વાત નથી. કારણ કે દરેક યુગમાં હંમેશાં આવો ભેદ પડી જાય છે. કળિયુગ જ્યારે પલટો મારે ત્યારે એ વખતે જે મૂર્ખ હોય તે પકડી રાખે.

હું તો પહેલેથી જ મોડર્ન થઈ ગયેલો. આ છોકરાં છે તે આવડાં આવડાં વાળ ને આમ થોભીયા-ખોભીયા રાખે. એમાં લોકોએ ટીકા કરવા માંડી. મેં કહ્યું કે ટીકા ન કરશો. એ છોકરાં એમને આ બધું બુદ્ધિપૂર્વક નથી થતું. વળી ઘૈડિયાં ઘરમાં પેસે તો કહેશે આ લોખંડનું કબાટ ?, એ રેડિયો, આવું કેમ ?, તેવું કેમ ? એમ ડખો કર્યા કરે. ત્યારે અમે કહીએ કે અલ્યા કોઈ જુવાનની દોસ્તી કર. આ તો યુગ જ બદલાયા કરવાનો. તેના વગર એમને ચાલે જ નહિ.

આજનાં છોકરાંને કંઈક નવું જુએ એટલે મોહ થાય 'આવું તો અનંત આવ્યું ને ગયું.' તેમાં તમારે ડખો કરવાનો ના હોય. તમને ના ફાવે તો ના કરશો. આઈસક્રીમ તમને એમ નથી કહેતો કે અમારાથી ભાગો. આપણે ના ખાવો હોય તો ના ખઈએ. આ છોકરાં તો જમાના પ્રમાણે કરે, આ મતભેદો તો જમાનો બદલાયાના છે.

અમે નાનપણથી બુદ્ધિથી બહુ જ વિચારી લીધેલું કે આ જગત ઊંધું થઇ રહ્યું છે કે છતું થઈ રહ્યું છે, અને એ પણ સમજાયેલું કે કોઈને સત્તા જ નથી, આ જગતને ફેરવવાની. છતાં અમે શું કહીએ છીએ કે, **'જમાના પ્રમાણે એડજસ્ટ થાવ !'**

**આ છોકરાંને સુધારવા માટે એક રસ્તો છે. એમની જોડે મિત્રાચારી કરો.** અમે તો નાનપણથી જ આ રસ્તો લીધેલો તે આવડા નાના છોકરા જોડે પણ મિત્રાચારી અને પંચ્યાશી વર્ષના ઘૈડિયાં જોડે પણ મિત્રાચારી. એટલે છોકરાં જોડે મિત્રાચારીનું સેવન કરવું જોઈએ.

સંસારનો અર્થ જ સમસરણ. એટલે નિરંતર પરિવર્તનપણાને પામ્યા કરે. ત્યારે આ ઘૈડિયાં જૂના જમાનાને જ વળગી રહે. અલ્યા ! જમાના પ્રમાણે કર, નહીં તો માર ખઈને મરી જઈશ ! જમાના પ્રમાણે એડજસ્ટમેન્ટ લેવું જોઈએ.

જગત ફર્યા જ કરે છે. નિરંતર ફર્યા જ કરે છે. એક ને એક જાતનું રહે તો માણસને ગમે જ નહીં. મનુષ્યનો સ્વભાવ એવો છે કે પોતે નાનપણમાં જોયું હોય એવું ને એવું જ છોકરો કહેશે, કે તારે આવું કરવાનું. તે દહાડે હોટલોય ન હતી. અત્યારે હોટલો છે. અમારા વખતમાં હોટલમાં ગયો હોય તો ઘરે માબાપ દમ કાઢી નાંખે, કારણ કે માબાપે હોટલ જોયેલી જ નહિ, એટલે એમને ગમે નહીં, અને છોકરાંને ગમે. તે મતભેદ ! આ બધા વાંધા જ પડ્યા કરે છે, અનંત અવતારથી, આ અવતારમાં જ આવું થયું એવું નથી. **પહેલેથી જ આનું આ જ ચાલ્યું આવ્યું છે.**

ઘરમાં વીસ માણસ હોય તે બધાય દાદા કહે એ પ્રમાણે ચાલ્યા કરે. એવું થોડો વખત રહે પછી તો બધાંનાં ધાણી-ચણા વેચી ખાય એવો જમાનો આવે - બધું વાતાવરણ આનંદમાં રાખો.

ભૂલવાળાનેય આનંદમાં રાખીને પછી કામ લેવું, પણ જ્યાં સુધી જૂનું ખસેડો નહીં ત્યાં સુધી પેલું નવું એડજસ્ટ ન થાય. કારણ કે આ તો આપણે વારસામાં આવેલું એ શી રીતે આપી દેવાય ?

'માબાપ અને છોકરાંનો વ્યવહાર' પ્ર.આ.માંથી સાભાર ❑

# (૫) કર્મ, વિકર્મ અને અકર્મ

- રવિશંકર મહારાજ

જગતના હિતની પ્રવૃત્તિ એ કર્મ. આપણે શાંતિથી જીવી શકીએ, ઉપાધિ થાય નહિ અને જે કરીએ એનાથી લોકોનું કલ્યાણ થાય.

**કર્મ :-** ખેડૂત ખેતી કરે છે એનાથી દુનિયાને ફાયદો થાય છે. 'મારા માટે' ના બદલે વિશાળ ભાવનાથી ખેતી કરે તો એને આનંદ થાય. જંગલમાં ભરવાડ લોકો હજારો ઘેટાંને ચરાવતા ફરે છે. ટાઢમાં ધ્રૂજે. તાપ ને વરસાદ સહન કરે પણ એ તપસ્વી ના કહેવાય કારણ કે એ પોતાને માટે કરે છે. પણ જો લોકહિતની ભાવનાથી આ કામ કરે તો એ કર્મ એને **આનંદ આપનારું થાય.**

**વિકર્મ :-** શંકરાચાર્ય વગેરે આચાર્યોએ વિકર્મને ખરાબ કર્મ કહ્યું છે. પણ  વિનોબાજીએ વિકર્મને 'વિશેષ કર્મ' કહ્યું છે. જગન્નાથપુરીમાં ભાષણ કરતાં વિનોબાજીએ કહ્યું કે કર્મથી માણસ ટકે છે. જ્ઞાન વગર કર્મ કરતા રહેવાથી માણસ જડ થઈ જાય છે. પણ જો ભક્તિ હોય તો એને થાક નથી લાગતો. કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણે મનુષ્યને તારનાર છે. **વિકર્મ એટલે ભક્તિયુક્ત કર્મ કરવું તે.**

ભક્તિના નવ પ્રકાર છે. એને નવધાભક્તિ કહેવાય છે. એમાં મુખ્ય ત્રણ છે. (૧) ગાવું, (૨) રડવું અને (૩) પ્રદર્શન કરવું. અત્યારે ભક્તિમાં ત્રણ કાણાં પડ્યાં છે. આખો દિવસ ભજન ગાય 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે' પણ તે આચરણમાં મૂકે નહિ. પારકાંની પીડ જાણે નહિ. માત્રા ગાયા કરે.

(૨) કેટલાક માણસો ભગવાન પાસે જાય. રડતાં રડતાં કહે, 'હે ભગવાન ! આ જગતમાં બહુ દુઃખ, બહુ પાપ...' એમ કરી આંસુ સારતા ચાલ્યા જાય. પણ કોઈનું દુઃખ ઓછું કરવા કંઈ કરે નહિ. બીજી પળે એમના ચહેરા પર કશું નહિ.

(૩) ભક્તિનો આડંબર કરે, પ્રદર્શન કરે, પણ ક્રિયામાં કશું મૂકે નહિ.

દિલમાં ભક્તિભાવ હોવા છતાં આ ત્રણ કાણાંમાંથી એ નીકળી જાય છે.

કર્મમાં ભક્તિ આવે તો કર્મનો થાક લાગતો નથી. કર્મમાં મન ના પરોવાય અને ભક્તિભાવ (પ્રેમ)ના જાગે એટલે એને થાક લાગે.

**અકર્મ :-** જમણવાર થાય છે ત્યારે ઘરડાઓ આવીને પાટ ઉપર બેસે છે. કામ કશું કરતા હોય એવું દેખાતું નથી. પરંતુ ત્યાંની વ્યવસ્થાનું બરોબર ધ્યાન રાખે. બધાને બરાબર પિરસાવેં એ પોતે કામ કરવા ઊઠે નહિ પણ બધા પાસે કરાવે. અકર્મમાં કર્મ થાય પણ દેખાય નહિ.

અમદાવાદમાં મિલમજદૂરોએ હડતાલ પાડી હતી અને સંકલ્પ કર્યો હતો કે પગાર નહિ વધે ત્યાં સુધી કામે નહિ ચઢીએ. એ સંકલ્પ તૂટવાની તૈયારીમાં હતો. ગાંધીજીને એની ખબર પડી. એટલે એ મજૂરો પાસે ગયા અને એમને કહ્યું કે તમે સંકલ્પને તોડો છો તે બરાબર નથી. ગાંધીજીએ એ માટે ઉપવાસ શરૂ કર્યા. પછી મિલમાલિકો અને મજૂરો વચ્ચે સમાધાન થયું. ત્યારે ગાંધીજીએ કહ્યું કે મારે તો મજૂરવર્ગનો સંકલ્પ તૂટે નહિ એટલા જ માટે ઉપવાસ કરવા પડ્યા. કલ્યાણકારક સંકલ્પથી આપણે તેજસ્વી થઈએ. માણસની એ શક્તિને ઓજસ કહે છે.

કેટલાંક કર્મ દેખાય સારાં પણ ભયંકર પરિણામ લાવનારાં હોય છે. કર્મની ગતિ બહુ ગહન

**અનુસંધાન પૃ., ૨૬ ઉપર ચાલુ**

# (૬) 'જીવદશાનાં વમળોમાં'

- શ્રીમોટા

[ પૂજ્ય શ્રીમોટાની કલમ દ્વારા જે સાહિત્યસર્જન થયું છે, તે પૈકી એક પ્રકાશન **'જીવન સ્પંદન'** છે. તેની પ્રથમ આવૃત્તિ સને ૧૯૭૩માં પ્રકાશિત થયેલ છે. 'લેખકના બે બોલ' દ્વારા પૂજ્ય શ્રીમોટાએ કરેલી કેટલીક સ્પષ્ટતામાંથી નીચેનું લખાણ લેવાયું છે. સંપાદક ]

આ પુસ્તકમાં **'જીવદશાના વમળમાં'** એ શીર્ષક હેઠળ જે ગીતો લખાયાં છે, તેમાં જે જે હકીકત આવે છે, તે વાંચીને 'મોટા'ના નજીક પરિચયમાં આવેલાંને તો ઘણું ઘણું આશ્ચર્ય ઊપજવાનું છે, કારણ કે એ ગીતોમાં આ મોટાથી તેમના પૂર્વજીવનમાં જે જે થયું છે, તેની સ્પષ્ટ ખુલ્લંખુલ્લી હકીકત તેમણે સ્વમુખે જાહેર કરી છે, પરંતુ તેમનું જીવન જોવા જઈએ, તો છેક નાનપણથી તે અત્યાર સુધી તેઓ જે રીતે જીવ્યા છે, તે જોતાં તેવાં કર્મનો તેમના જીવનમાં તેવા પ્રકારનો અવકાશ તો મુદ્દલે નથી.

તેમનું જીવન-સેવાના ક્ષેત્રમાં હતા તે પહેલાંનું જીવન-તો તેમણે જુદાં જુદાં નાગર કુટુંબોમાં નાનપણથી જ ગાળ્યું છે. અને તે કાળનું તેમનું જીવન એટલું તો નમ્રતાવાળું, સદ્‌ભાવભર્યું, અને જેનું તેનું ચીંધેલું બધું જ કર્મ પૂરેપૂરું ભાવથી આચરી દેવાની તત્પરતાવાળું જ હતું. તે તે કુટુંબની વ્યક્તિઓના દિલના સદ્‌ભાવનો 'મોટા' પરત્વે હૃદયનો સદ્‌ભાવભર્યો બુલંદ રણકાર આજે પણ અનુભવમાં પ્રવર્તતો જણાય છે, ત્યારે વળી 'મોટા' એ આ પ્રકારનાં ગીતોમાં આવું બધું કેમ બાફી માર્યું હશે, એવું સ્વાભાવિક રીતે 'મોટા'ના નિકટના પરિચયવાળાઓને લાગે એ પણ સ્વાભાવિક છે, કારણ કે જ્યારે 'મોટા' હરિજન સેવક સંઘમાં હતા, ત્યારે તેઓ વહેલી સવારથી તે રાતના દસ-સાડાદસ સુધી એકધારા સતત કામમાં પરોવાયેલા જ રહ્યા કરતા હતા. વળી, જ્યારે નડિયાદમાં હતા, ત્યારે પણ તેઓ તો રોજ રાતે મરીડા ભાગોળે બધાં હરિજનોને એકઠાં કરી, રામાયણ-મહાભારતની વાતો કહેતા અને ભજનભાવ ધૂન આદિ કરાવતા. તે પછી તેઓ અભયની કેળવણી માટે જ્યાં જ્યાં ભયંકર જગાઓ હોય, ત્યાં રોજ સૂવા જતા. એટલે તે ગાળામાં પણ તેમણે આ ખંડનાં ગીતોમાં જે હકીકત ગાઈ છે, તેવી હકીકતની શક્યતા તે ગાળામાં પણ મુદ્દલે નથી.

'મોટા'એ **'જીવન લહરી'**માંના 'લેખકના બે બોલ'માં બહુ જ સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે :-

**'સ્વજનથી ભોગવાયું જે જીવન આલેખ્યું તેવું છે, અમારી જાત પર લઈ તે અમે વર્ણન કરેલું છે.'**

આ સંદર્ભમાં 'મોટા'એ **'જીવદશાના વમળમાં'વાળા** ખંડમાં જે હકીકત લખી છે, તે તેના તેવા સંદર્ભમાં યોગ્ય લાગે છે.

**'ભયંકરમાં ભયંકર શા અનાચારો થયેલા છે !'** આવા પ્રકારની કેટલીય હકીકત તેવાં ગીતોમાં પ્રગટ થયેલી છે. 'મોટા'ને એમાં મુદ્દલે સંકોચ લાગ્યો નથી, એ તો જાણે ઠીક, પરંતુ એનો યોગ્ય મેળ બેસાડવાનું કામ ઘણું ઘણું મુશ્કેલ થઈ પડે છે.

કોઈકે 'મોટા'ને સ્પષ્ટ પૂછ્યું કે : 'મોટા, આનો-એટલે કે તમે **'જીવદશાના વમળમાં'માંનાં** ગીતોમાં જે હકીકત ખુલ્લેખુલ્લી લખી છે, એનો મેળ કેમ ખવરાવવો ?' ત્યારે તેમનો નીચે મુજબનો જવાબ હતો :-

'પ્રભુકૃપાથી આ જીવનમાં જે સ્વજન સહજમેળે મળેલાં છે, તેમણે તેમણે જે રીતે જીવન ભોગવ્યું છે, તેને તે રીતે આલેખવાનો મારો તેમાં પ્રયત્ન છે. વળી, બીજું એક ગૂઢ કારણ પણ તેમાં સમાયેલું છે ખરું. પ્રભુકૃપાથી આ ૨૭૬ જેટલાં ગીતો સાતઆઠ દિવસમાં જ લખાયેલાં છે, અને **'જીવદશાના વમળમાં'** એ ખંડમાં જે ગીતો પ્રકાશિત થયાં છે, તે જ્યારે જ્યારે સ્ફુર્યાં હતાં ત્યારે ત્યારે તેમાંનું કેટલુંક તો નજર સમક્ષ પ્રત્યક્ષ જીવતું જાગતું દૃશ્ય તરીકે દૃશ્યમાન થતું જતું હતું.

એવાં ગીતો એ ખંડમાં ગાયેલાં છે, તે આ જીવનના પૂર્વજીવનમાં તેવી તેવી હકીકતો બની ગયેલી હતી. મોટાને તેનો સ્પષ્ટ અનુભવ-નીતરતી હકીકત તે ગીત સ્ફુરતી વખતે આબેહૂબ તાદૃશ્યમાન પ્રગટ્યા કરેલી હતી. **શ્રીપ્રભુકૃપાથી કોઈ અગમ્ય એવા નિમિત્તસરને કારણે મોટાનું પૂર્વજીવન તેમની આગળ વ્યક્ત થયેલું છે ખરું.**

જુદાં જુદાં નિમિત્તના જુદા જુદા તબક્કામાં તે તે પૂર્વજીવન જુદા જુદા પ્રકારનું તે તે નિમિત્તના ગાળામાં મોટાને સ્પષ્ટપણે અનુભવમાં અવતર્યું હતું. તેવી જ રીતે **'જીવદશાના વમળમાં'**માંની ગઝલો માટે પણ તેવું છે, મોટાને આ અંગેની જે અનુભવ હકીકત મળેલી છે, તે તેમના પૂરતી તો તદ્દન સાચી છે.

પરંતુ આ હકીકત સામાન્ય વાચકને ગળે ઊતરે તેવી નથી. તે તે આ જીવ પણ કબૂલ કરે છે, પરંતુ મારા જીવનની ઉપરની હકીકત બીજી કોઈ પણ રીતે પુરવાર કરી આપી શકું એમ નથી. તેમ છતાં આ જીવ જ્યારે જીવનના છેલ્લા આરે બેઠો છે, ત્યારે કોઈ માને કે ન માને એ લક્ષમાં લીધા વિના મારે મન જે સોએ સો ટકા સત્ય છે, તે હકીકત જગતનાં ચરણ આગળ મૂકવી તેને મારો ધર્મ સમજું છું.

**જીવન એક સમગ્ર, સળંગ અને અખંડાકાર છે. અનેક જીવનોની એક અખંડ હારમાળા છે.** એવા જીવનને એક અખંડ તાંતણામાં પરોવાયેલું અનુભવવું એ તો સામાન્ય જીવદશાવાળા જીવનું કામ નથી. આત્યંતિક અનુભવની કક્ષામાં અને શ્રીભગવાનની અખંડાકાર ભાવનામાં જે જીવતો શરીરધારી આત્મા છે, તેવાને તેવાં તેવાં નિમિત્ત મળતાં, તેના જીવનમાં તેનું પૂર્વજીવન નિમિત્તના સંબંધ પ્રમાણેનું તેની આગળ શ્રીપ્રભુકૃપાથી વ્યક્ત થયા કરતું હોય છે. **'જીવદશાના વમળમાં'** એ ખંડમાંનાં જે ગીતો મને સ્ફુરેલાં છે, તેનો હું આ રીતે મેળ બેસાડું છું. બાકી, હાલના આ જીવનમાં તેવા તેવા પ્રકારની કોઈ હકીકતો બનેલી હોય તેવું તો મુદ્દલે નથી.

પ્રત્યેકનું હાલનું જે શરીર છે અને તેનું જે જીવન છે, તે કંઈ ઓચિંતું એકદમ અધ્ધરથી ટપકી પડેલું હોતું નથી. તેની આગળની કોઈ પરિસ્થિતિ કે ભૂમિકા હોવી જ જોઈએ. **જેમ કે વૃક્ષ જે છે તે મૂળે તો બીમાં જ હતું,** તે પછી જ જમીનમાં વવાયું અને તેમાંથી તે ઊગ્યું. નાનો છોડવો થયો. તેમ કરતાં તેનાં મૂળિયાં પરિપક્વ થઈ ક્યાંનાં ક્યાંય ફાલ્યાં.

**એ જ ઝાડ પાછું અનેક બીમાં પોતાના અસ્તિત્વને ગોપવે છે.** અને હાલ જે વૃક્ષ છે તેનું અસ્તિત્વ કોઈ ને કોઈ રૂપે ભવિષ્યમાં પ્રગટતું જતું હોય છે, તે હકીકત તો સર્વ કોઈની બુદ્ધિમાં ઊતરે તેવી છે. તેવી જ રીતે હાલમાં આપણું જે શરીર છે અને તેનું જે જીવન છે, તેનું પણ આવા વૃક્ષના જીવનના જેવું છે.

હાલ જે વૃક્ષ છે તેની પહેલાં પણ તેનું કોઈ બીજા રૂપમાં અસ્તિત્વ હતું અને ભવિષ્યમાં જ્યારે તે વૃક્ષનું અસ્તિત્વ નહિ હોય ત્યારે પણ તે જ વૃક્ષનું અસ્તિત્વ કોઈ ને કોઈ જુદા સ્વરૂપમાં પ્રવર્તેલું રહ્યા કરેલું હશે જ. આમ જોતાં પ્રત્યેકની આવી - પોતપોતાની તે તે પ્રકારના જીવનની અનંત હારમાળાઓ છે.

જીવના અનેક પૂર્વજન્મોની, અને તેવા પૂર્વજન્મનાં શરીરોની, અને તેવાં શરીરના તે તે કાળે તેવા તેવા જીવનની હકીકતો, **તે પણ એક જાતના સંશોધનનો વિષય છે ખરો,** પરંતુ એ સંશોધનને માટે અને એ અનુભવવાને માટે 'પ્રજ્ઞા'ની આવશ્યકતા ખરી. જેની બુદ્ધિ સંપૂર્ણપણે પ્રજ્ઞા થયેલી છે, તેવી પ્રજ્ઞાને તેવા તેવા પ્રકારનું નિમિત્ત મળતાં, તે તે નિમિત્ત પ્રકારનું જ્ઞાન કે હકીકત સહજમેળે હસ્તા મલકવત્ હોય છે.

આ **'જીવદશાના વમળમાં'** જે ગીતો લખાયાં છે, તેમાં જે કેટલીક હકીકત આવે છે, તે આ જીવના હાલના જીવનની નથી. તેના હાલના જીવનના પૂર્વજન્મની હકીકતો પ્રગટેલી છે.

ઉપરાંત, આ પણ એક સાચી હકીકત છે. પ્રભુકૃપાથી આ જીવનમાં નિમિત્ત સંજોગે કરીને જે સ્વજનો મળેલાં છે, તે સ્વજનોને સૂક્ષ્મપણે આડકતરી રીતે, તેમને શરમમાં પણ ન મૂકી દેવાય તેવી રીતે તેમને તેમના જીવનની હકીકતો, કેટલાંક ગીતોમાં, મેં મારા ઉપર લઈને તેવી તેવી રીતે તે હકીકતને મેં આલેખી છે. આ રીતનાં જે ગીતો લખાયાં છે, તે જુદી જુદી છએક વ્યક્તિઓને વંચાવેલાં પણ ખરાં. અને તે વાંચીને તેમણે મને કહેલું પણ ખરું કે, 'મોટા, આ ગીતો તમે અમને અનુલક્ષીને લખ્યાં લાગે છે !'

આ એક તદ્દન નવી રીત છે ખરી. કેટલીક વાર આવી સૂક્ષ્મ રીતે દર્શાવેલી હકીકત કોઈ જીવને પ્રભુકૃપાથી જાગૃત કરી દે એવી હૃદયમાંની હૃદયથી ભાવભરી પ્રાર્થના, તે ગીત ગાતી વખતે આ હૃદયમાં હૃદયથી પ્રગટ્યા કરેલી હતી, એ મારા દિલની સાચી હકીકત છે. પછી પરિણામ તો જે આવવાનું હોય તે ભલે આવે - તેની સાથે પ્રભુકૃપાથી ઝાઝી સ્પૃહા નથી.
'જીવન સ્પંદન', પ્ર.આ., પૃ.૧૨. ❑

# (૭) પદ્યપ્રસાદી 'મોહ' - (૩)

- શ્રીમોટા

પ્રતિષ્ઠિત થયેલો છે મોહ પૂરેપૂરો ખરો -
શો બંધારણમાં જીવતણા, પ્રકૃતિ અંશ શો !
મોહ આકર્ષણે કેવું સમગ્ર વિશ્વ આખુંયે
-તણાયા જતું છે પૂરપાટે ! ના ખોટકાય તે.

સંસાર મૂકીને સર્વ ચાલ્યા જવાનું છે ખરે,
છતાં સંસારનો મોહ મુકાતો કોઈથી ન તે.
મોહની યાતના ઉગ્ર, વેદના પણ તીવ્ર છે,
અનંત વાર તો જીવ ભોગવ્યા કરતો જ તે.

મોહની સર્વ વૃત્તિને પ્રાણ દોરવનાર છે,
પ્રાણતત્ત્વ ખરી શક્તિ મોહની યોગ્ય જાણજે,
જીવપ્રકૃતિનો પ્રાણ મોહને પ્રાણ અર્પે છે,
સંપૂર્ણ મોહ વિનાનો જીવ, આત્મા પ્રમાણજે.

ઘર, લક્ષ્મી, ઘરેણાં સૌ બાળ, બચ્ચાં બધાંયને
-સંસારાદિ વગેરેને છોડી જવાનું આપણે,
**ખાલી હાથે જ આવેલા, જવાનું ખાલી હાથ છે,**
**મનથી છોડી દેવાનું છતાં ના દિલ થાય છે,**

ઝંખના, એષણા, તૃષ્ણા, આશા, ઈચ્છાય કામના,
લોલુપતા શી ! ઈત્યાદિ મોહના ફણગા બધા.
અસર સરવાળે સૌ આ બધાંની જ થાય છે,
શું જીવનનું દેવાળું તેથી નીકળતું જ છે !

પ્રકૃતિમાં જ્યહીં સુધી પ્રકૃતિમાંનું અંગ જે,
પ્રકૃતિથી કદી તેને ના કૈં જીતી શકાય છે,
પ્રકૃતિથી ઊંચા ભાવે જેનું મનન - ચિંત્વન,
તેવા અભ્યાસમાં પ્રાણ ટકાતાં, મોહ જાય છે.

શ્રદ્ધાથી પ્રાર્થનાકેરો જ્યાં તે ઉદય થાય છે,
તેમાં જ્યારે ભળે હૈયું, ભાવ ત્યાં ઉભરાય છે,
લગાતાર થતાં ભાવ, ભક્તિ મંડાણ થાય છે,
**જામતાં ભક્તિ, તો મોહ મેળે વિલીન થાય છે.**

ભક્તિ કે જ્ઞાન કે યોગતણા માર્ગે વહ્યા કરો,
ત્યારે જ મોહ મેળે તે મોળો મોળો થતો જશે,
અખંડાકાર જ્યાં ભાવ થતાં, મોહ ટળી જશે.
**હરિના પદનો મોહ તેને પાર ઉતારશે.**

મોહને ટાળવા કાજે અભ્યાસ માત્ર સાધન,
અભ્યાસ એટલે માત્ર તે પ્રકારનું વાંચવું
-એવો એનો ન છે અર્થ, એનો ગૂઢાર્થ ઑર શું !
અભ્યાસની પ્રમાણેનું પ્રત્યક્ષ વર્તવું સદા,

ભાવ તે વર્તવામાં ત્યાં હોવો ઘટે પૂરો તદા.
તો જ યોગ્ય પરિણામ આવી શકે, પ્રમાણવું,
હોઈએ જ્યાં ત્યહીંથી જો ડગલું ખસવાનું તો
-થયા કરતું તે હોય 'અભ્યાસ' તો પ્રમાણવો.

મોહ મોળો થતાં કેવી વિચારોની પરંપરા
-અટકતી જતી લાગે, શું અચરજ તે મહા !
**અંતર્મુખ થવાતું છે, ઘટતી બહિર્મુખતા,**
**મોળો થતો જતો મોહ જાણવો નિશ્ચયે તદા,**

ચિંતા, ફિકર, ખોટી સૌ ક્યાંયની ક્યાં ઊડી જાય છે,
ધાંધલિયાપણું સાવ લાગે ઊડી જતું શું તે !
મોહથી આવરાયેલી બુદ્ધિ મુક્ત થતાં બધી
-પ્રકાશ બુદ્ધિમાં ત્યારે ઑર પ્રકાશતો વળી !
'મોહ', પ્ર.આ., પૃ. ૮૯ થી ૧૨૬ (સંકલન)

# (૮) પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ - (૨)

-ડૉ. અનિલભાઈ

શ્રી ઝીણાભાઈની આર્થિક સ્થિતિ સારી ન હતી. છતાં પોતાની કમાણી જતી કરીને અઢી માસ જેવો સમય અહીં (સુરતના કુરુક્ષેત્રની ધર્મશાળામાં મૌનાર્થીની) સેવામાં રહ્યા હતા. આ દરમ્યાન તેમનામાં સ્મરણથી ભાવ જાગતો, અન્યના ગુણ નિહાળતા, પોતાનું કોઈ અપમાન કરે તો તેને મનમાં માઠું લગાડતા નહિ. આ જપયજ્ઞમાં વારાફરતી શ્રી ચંપકભાઈ ભૂતવાલા, શ્રી ચૂનીભાઈ તમાકુવાળા, તેમનાં બા વગેરે બેઠાં હતાં.

કુરુક્ષેત્રની શ્રી ઝીણાભાઈની સેવા અને ભક્તિભાવ શ્રીમોટા, દૂર બેઠાં પણ જોતા - જાણતા હતા. તા.૫-૫-૧૯૫૫ના પત્રમાં અને તે પછી તા. ૨-૭-૧૯૫૫ના પત્રમાં શ્રીમોટાએ તેમની સેવાઓને બિરદાવી હતી. પોતાના પૈસે બે ફાનસ લાવેલા તેની કદર કરી હતી. અને હરિસ્મરણ ચાલુ રાખવા, દરેકમાં હરિનો ભાવ પ્રેરવવા, રાગદ્વેષ મોળા પાડવા વગેરે વાત લખી હતી. ઉપરાંત, ગરીબી છતાં નોકરી છોડીને કરેલી સેવા પોતે ભૂલી શકે તેમ નથી. તેમ જણાવી ભવિષ્યમાં કુરુક્ષેત્રમાં જ્યારે આશ્રમ થાય ત્યારે તેમને પોતાની સાથે રાખવાનું દિલ છે એમ પણ લખ્યું હતું. આ બધું વાંચીને ઝીણાભાઈના દિલમાં આનંદ અને ઉત્સાહનાં પૂર આવ્યાં હતાં.

સને ૧૯૫૫ના મે મહિનામાં શ્રીમોટા, સુરત આવ્યા હતા ત્યારે ઢોરોના ચારણ તરીકેની જગ્યા લેવાની વાત થઈ હતી. અંતે ૧ એકર અને આઠ ગૂંઠાની જમીન રૂ. ૩૭૧/-માં ખરીદ કરી હતી. તા. ૨૦-૧૧-૧૯૫૫ ના રોજ તેનો દસ્તાવેજ થયો હતો. આ જમીન ખાડા ટેકરાવાળી હતી. આકડાનાં ઝાડ અને ઘાસ ઊગેલ હતાં. લવાછાથી સાઇકલ ઉપર આવી ઝીણાભાઈ સવારથી સાંજ કામ કરતા. વરસાદ થતાં સૌ પ્રથમ જમીન ફરતે મેંદીની વાડ કરીને જમીન સમથળ કરી.

પૂજ્ય શ્રીમોટાનો પત્ર વ્યવહાર ચાલુ જ હતો. શ્રાવણ મહિનામાં હજામત ન થાય કે તે કરવાથી પાપ લાગે એવું કશું નથી. એકાદશી કરીએ એટલે થોડુંક ફળ જેવું લઈએ. આખો દિવસ હરિસ્મરણ કરીએ, ભલાઈનાં કામ કરીએ વગેરે માર્ગદર્શન આપતા હતા.

આ અરસામાં હિમાલયવાળા શ્રીનારાયણ-સ્વામી આશ્રમની જમીન ઉપર જ્યાં મૌનરૂમો બાંધવાના હતા તે જગ્યાએ પૂજા કરવા આવવાના હતા. ઝીણાભાઈ સવારથી ત્યાં સેવા માટે પહોંચી ગયા હતા. પણ ભીખુકાકા તેઓને ઘણા મોડા લઈને આવ્યા. વળી, શ્રીનારાયણસ્વામી ભજનમાં લાગી ગયા. આ રીતે ઝીણાભાઈની ધીરજની કસોટી થઈ હતી.

લવાછાના વસવાટ દરમ્યાન ખેતીકામની સાથે પોતાના જીવન ઘડતરનું કામ પૂજ્ય શ્રીમોટાએ પત્રો દ્વારા ચીંધેલા માર્ગે ચાલુ જ હતું. હરિસ્મરણ સાથે કામ કરતા અને સમય મલે રેંટિયો પણ કાંતતા હતા. પોતે એકલા રહેતા એટલે સાદું ભોજન બનાવી લેતા. વાસણ કપડાં ધોવાનું કામ પણ જાતે જ કરતા અને શ્રીમોટાને પત્રનિવેદન કરતા રહેતા.

પૂજ્ય શ્રીમોટા સને ૧૯૫૫ના ઑગસ્ટ સપ્ટેમ્બરમાં વીસ દિવસ સુરતમાં રૂવાળા ટેકરે રહ્યા હતા. ત્યારે ઝીણાભાઇને શ્રીમોટાની સેવા કરવાનો પૂરો લાભ મળ્યો હતો. શ્રીમોટાની રોજિંદી જરૂરિયાતની સંભાળ રાખતા હતા. શ્રીમોટાને મલવા આવનાર માટે તેઓ ચા બનાવતા ! શ્રીમોટાનો ભક્તો સાથે સત્સંગ થતો તે સમયે મૌન ધારણ કરીને શાંત ચિત્તે ભાવપૂર્વક સેવામાં જ તેઓ રોકાયેલા રહેતા. એક વખત શ્રીમોટા જમ્યા બાદ આરામ કરતા હતા ત્યારે ચરણસેવા કરતાં કરતાં

પ્રથમ દર્શનમાં શ્રીરામનાં દર્શન થયાંની વાત કરતાં શ્રીમોટાએ તેને સમર્થન આપતાં કહેલું કે ભક્તિ જાગે ત્યારે એવું થાય, પણ જેને ને તેને આપણે એ વાત કરવી નહિ. ભીખુકાકા રોજ રાત્રે શ્રીમોટા સાથે રોકાતા હતા એટલે તેમનાં પત્ની વિદ્યાબહેન એકલાં હોવાથી શ્રી ઝીણાભાઈ તેમને ઘેર બહાર ઓટલા ઉપર સૂવા જતા અને વહેલી સવારે ચાલતા રૂવાળા ટેકરે શ્રીમોટાની સેવામાં પહોંચી જતા. વીસ દિવસ આ કાર્યક્રમ ચાલ્યો હતો. આ સમય દરમ્યાન શ્રી બાબુભાઈ તમાકુવાળાનો ભેટો શ્રીમોટાને થયો હતો. જેને શ્રીમોટા 'ભગવાનની દેણ-ભેટ' તરીકે ગણાવતા હતા.

આ વીસ દિવસ બાદ અમદાવાદથી શ્રીમોટાએ પત્રમાં ઝીણાભાઈની સેવાઓની કદર કરતો પત્ર લખ્યો હતો. તા. ૨૦-૯-૧૯૫૫ના પત્રમાં શ્રીમોટાએ લખેલું કે બીજા બધા મીઠાઈની ટોપલી મને ભેટ આપે તે તો જાણે ઠીક પણ તમે જ્યારે મીઠાઈની ટોપલી મને ભેટ આપી ત્યારે મારું હૈયું તમો માટે પ્રેમથી ભરાઈ આવ્યું હતું. વળી, એ દિવસ દરમ્યાન તમારી ખેતીને નુકસાન થયું નથી અને ભાત વગેરે સારું થયું છે એ જાણીને આનંદ થયો છે

બાજરીનો પાક સારો થયો હતો એટલે ઝીણાભાઈને મનમાં ભાવ જાગ્યો કે ગુરુને બાજરી આપું. એટલે ભીખુકાકાને કહ્યું કે તેઓ નડિયાદ આશ્રમે જાય ત્યારે તેમની બાજરી લેતા જાય. ભીખુકાકાએ કહ્યું કે એ તો તમારે જાતે જવું જોઈએ. કોઈની સાથે મોકલાવાય નહિ. એટલે સુરતથી નડિયાદ પહેલી વખત રેલવેની મુસાફરી કરી અને એક મણ બાજરી જાતે ઊંચકીને નડિયાદ સ્ટેશનથી આશ્રમ પાંચ કિ.મિ. ચાલીને ગયા. શ્રીમોટા હાજર જ હતા. શ્રીસદ્‌ગુરુના મુખારવિંદ ઉપર શિષ્યને જોઈને આંખોમાં હર્ષાશ્રુ સાથે ખુશીના ભાવ વરતાઈ આવતા હતા.

પૂજ્ય શ્રીમોટા સાથેનો પત્ર વ્યવહાર તો ચાલુ જ હતો. તા. ૭/૧૨ અને ૧૦/૧૨/૧૯૫૫ના પત્રોમાં લખેલું કે :- 'નામસ્મરણ ચાલતું હોય ત્યારે બીજા કોઈ વિચાર આવી ચઢે છે તો તેથી ગભરાવાની જરૂર નથી. બીજા વિચાર તો આવે, પરંતુ તે સાથે આપણે તે વિચાર અંગેના બીજા વિચાર મનમાં મનથી જોડ્યા કરવા નહિ. વિચાર આવે તો ભલે પસાર થઈ જાય અને આપણું નામસ્મરણ ચાલુ રાખ્યા કરીએ. ખૂબ **વિચારો આવતા હોય તે વેળાએ આપણે ખૂબ મોટેથી હરિસ્મરણ કરવું.** જે નવરાશનો સમય મળે તેમાં ઘણું ઘણું કાંતજો. ત્યાં ઘણા બધા ભાઈઓ એકઠા થયા છો. તેમની સાથે આડીતેડી વાતો કરવી નહિ. જરૂર પૂરતી-ખપ પૂરતી જ વાત કરવી. હરિસ્મરણ કર્યા કરવું. તેનો ચેપ બીજાને લગાડજો. સુરત આવવાનું થશે ત્યારે તમારા બધાના ભેગો એક દિવસ જરૂર રહેવાનો છું. ત્યાં કોઈ ચોરી છૂપીથી નીરો ન પીવે તેવી પ્રાર્થના ત્યાંના બધા ભાઈઓને છે. **કર્મ દ્વારા થતી ભક્તિથી પ્રભુ રીઝે છે.** તમારા બધાનો ભાવ એ જ મારે મન તો સાચું ધન છે.

પૂજ્ય શ્રીમોટાએ તા.૧૬-૧૨-૧૯૫૫નો પત્ર શ્રી ચંપકભાઈ ભૂતવાળાને લખ્યો હતો. તેમાં લખેલું કે તા.૨૪/૧૨ ના રોજ હું, સુરત આવવાનો છું અને કતારગામ રહેવાનો છું. પણ એક રાત અડાજણ નીરાબનમાં કામ કરતા શ્રી ઝીણાભાઈને મળવા ત્યાં એક રાત રોકાવાનો છું, તો જરૂરી પ્રબંધ કરશો. આ અગાઉ શ્રીમોટા નીરાબનમાં દર વર્ષે એક વખત આવતા અને બધા માટે લાડુ, દાળ, ભાત, શાકનું ભોજન આપતા હતા. પરંતુ રાત્રે ક્યારેય રોકાયા ન હતા. આ વખતે રાત રોકાયા. શ્રી ઝીણાભાઈએ નીરામંડળીના ભાઈઓ સાથે શ્રીમોટા સમક્ષ ધૂન-પ્રાર્થના-ભજનનો કાર્યક્રમ કર્યો પણ ઝીણાભાઈ સાથે તો કોઈ વાતચીત થઈ ન હતી. ગુરુ-શિષ્યના મિલાપની વાત કંઈક ઓર છે. **(ક્રમશ.)**

## (૯) શરીરનું અને જન્મદિવસનું મહત્ત્વ

-શ્રીમોટા

શરીરનાં જન્મમરણ તો અનેક થયા જ કરેલાં છે, પણ માનવીના શરીરનું માહાત્મ્ય ઘણું ઘણું છે. એવું એનું માહાત્મ્ય અને રહસ્ય સમજાય તે કાજે જ જન્મદિવસને આપણામાં મહત્ત્વનું સ્થાન છે. આ મળેલા શરીરથી જ તે, જે તે કરી શકતો હોય છે. શુભ કે અશુભ કર્મ પણ એના વડે જ જીવ કરી શકે છે. તે શરીર વડે જ જીવ કાં તો વધારે બંધાતો હોય છે, કાં તો વધારે મુક્ત થતો જતો હોય છે.

શરીર છે ત્યાં સુધી જીવની ભોગક્રિયા તો ચાલુ રહેવાની જ, પરંતુ તેવી તેવી ક્રિયામાં જે જીવ બળિયો, રસિયો અને ચેતેલો થયેલો છે, તેવો જીવ તો તેમાં કોઈ અનોખી રીતે જ પ્રવર્તતો હોય છે. એક મા પોતાનાં બાળકનું મેલું ઉપાડે તેમાં જે વૃત્તિ હોય અને એક ભંગી જાજરૂમાંથી મેલું ઉપાડે, એ બે જીવની, તે તે કર્મ કરતી પળેની વૃત્તિમાં આસમાન જમીનનો જેમ ફરક હોય છે, તેમ તે તે બળિયા, રસિયા અને નિષ્ઠાવાન જીવનાં તેવાં કર્મમાંનાં હેતુ, સમજણ અને કર્મને ભોગવતા સમયનાં ધ્યાન અને લક્ષ-સંસારી જીવ કરતાં જુદા જુદા પ્રકારનાં રહેતાં હોય છે. બંને ભોગવે છે તો કર્મ, અને બંનેનું કર્મ તો એકસરખું લાગે છે, પણ બંનેની ભોગવવાની માનસિક રીતમાં અને હૃદયની તે વેળાની ભાવના-ધારણામાં ઉત્તર દક્ષિણ જેવો તફાવત હોય છે.

જીવ જે જે કંઈ કરી શકતો હોય છે, તે તો તેના શરીરને કારણે જ. તેથી, શરીરનું મહત્ત્વ દિલમાં પૂરેપૂરું જાગૃત અને સચેતન બને તો જન્મદિવસનું ભાન થવું તે યોગ્ય પ્રકારનું ગણાય, પરંતુ એ રીતે શરીરના જન્મદિવસને આપણે કોઈ ખ્યાલમાં રાખતા નથી.

શરીર રહે છે ત્યાં સુધી એને સારું કર્મ અને નરસું કર્મ પણ મળ્યા જ કરવાનું. બંને પ્રકારનાં કર્મમાં જીવે ધારણા તો પોતાની ભાવના-સમજણની જ કર્યાં કરવાની છે. ન તો સારાને જોવાનું છે કે ન તો નરસાને જોવાનું છે, પણ તે બંને તો માત્ર ગુણની લીલા છે. તેવાં કર્મ જીવને વિકસાવવાને જ મળેલાં છે અથવા તો મનને સમતા, શાંતિ, તટસ્થતા, સાક્ષીપણું, ધીરજ, સહનશીલતા, ઉદારતા, વિશાળતા, પ્રેમભાવના વગેરે દૈવી સંપત્તિના ગુણો કેળવવાને કાજે તે તે કર્મ મળ્યા કરે છે.

વેપારીને ત્યાં તો અનેક પ્રકારના સારા અને નરસા સ્વભાવના ઘરાકો આવે છે, પણ દરેક સાથે એને નિસ્બત છે માત્ર કમાવાની જ, એટલે વેપારી તેના તેવા તેવા સ્વભાવને મહત્ત્વ દેતો નથી. આ હકીકત જેમ સમજી શકાય તેવી છે, તેમ જે જીવ પોતાને મળતાં રહેતાં કર્મમાં એકમાત્ર પોતાના જીવનનો હેતુ જ ફળાવી શકવાના એકતાનમાં રહે છે, તેવા જીવને કર્મનું સારા કે નરસાપણું નડતું હોતું નથી. એ તો માત્ર પોતાના જીવનના હેતુને ફળાવવાનું જ સમજે છે. આવો હેતુ ફળાવવાનું શરીર વિના શક્ય હોતું નથી. તેથી, શરીરનો હેતુ પણ અનંતગણો છે અને તે સાચો છે.

આ શરીરનો જન્મદિવસ ભાદરવા વદ ચોથના રોજ આવે છે, તે દિવસે તમારાં બધાંનાં હૃદયની શુભ ભાવના-ધારણા અને હૃદયના આશીર્વાદ માગું છું. તમારા મનની ભાવના પ્રેરકપણે તે દિવસે આ જીવમાં રાખવા વિનંતી છે, અને તે દિવસનાં થતાં સકળ કર્મમાં આ જીવની ચેતનાસ્મૃતિની ધારણા હૃદયથી રાખવાનું કર્યાં કરશો.

...તો આ ગરીબ ન્યાલ થયો ગણાશે.

'જીવન પ્રેરણા' ત્રીજી આ., પૃ.૮૨ ❑

# (૧૦) વિચારોમાત્ર અટકે તો ઉત્તમ

- શ્રીમોટા

**આપણે જ વિશ્વ છીએ અને આપણામાં જ સારુંય વિશ્વ વસેલું છે,** એમ જે કહ્યું છે તેમાં ખોટું નથી. નાનાં છોકરાંઓ માટે ઘર કે સ્ટીમરના નાના મૉડેલ-નમૂના-બનાવવામાં આવે છે, તે પેલા ઘર કે સ્ટીમર કરતાં તો ક્યાંય નાના હોય છે, તેમ આપણે પણ આ સમસ્ત વિશ્વના એક નાના મૉડેલ છીએ. વિશ્વના એક unit-એકમ-આપણે દરેક છીએ.

કહેવાય છે, કે વિશ્વ ગોળાકારમાં ગતિ કરે છે. આપણી પણ ગતિ ગોળાકાર હશે એમ જણાય છે. **આપણે જ્યાંથી આવ્યા ત્યાં જ પાછા જવાનું છે એમ દેખાય છે.** તેવી જ રીતે આપણે જે રીતે વિચાર કરીએ છીએ તે જ રીતે તે ફરીને પાછા આપણામાં પેસતા હોય છે, એટલે **નકારાત્મક વિચારો જેટલા ઓછા થાય તેટલું વધારે સારું,** નહિ તો પાછા એ વિચારો બેવડા જોરથી-બેવડી ગતિથી-આપણામાં પેસવાના છે અને આપણને વધારે નુકસાન કરશે. તેવી જ રીતે બીજાના વિચારો પણ તેવું જ પરિણામ લાવવાના છે. માટે, રચનાત્મક વિચારો કર્યા કરવા એ જ આવકારદાયક છે. **વિચારો માત્ર અટકે તો તો સર્વથી ઉત્તમ છે.**

મનને વિચાર કરતું અટકાવી રાખવું હોય અને એને બીજા રચનાત્મક કામમાં વાળી રાખવું હોય, તો આપણે ખૂબ ખૂબ મંથન કરીને, જાગૃતિ રાખીને, **સતત ભગવાનનું નામ લીધા કરવાનું છે.** એમાં આપણે મરી મીટવાનું છે.

આપણે within-અંતરમાં-without બહિર્‌માં બંને રીતે એક થવું હોય, તો બહિર્‌માં એક દૃષ્ટિ રહી શકે તે માટે ભક્તિની જરૂર છે અને અંતરમાં એક થવાને માટે ધ્યાનની જરૂર છે. કર્મ તો પ્રત્યેક પળે આપણે કરતા રહેતા હોઈએ છીએ જ, પણ આપણે આપણા વિકાસનો હેતુ રાખીને કર્મ કરવાનાં છે.

આપણા એકલા જ માટે પણ એના સાચા અર્થમાં યોગ્ય રીતે કર્મ આપણાથી થતા જશે તો એ વિશ્વમાં પ્રસરશે જ. પોતાની પત્ની, પરિવાર, કુટુંબકબીલો, વહેવાર, વેપારવણજ વગેરે પણ કર્મ જ છે, એટલે કર્મનું પરિણામ અને કર્મનું ક્ષેત્ર છે. એ કર્મનો વહેવાર પણ આપણા આત્મવિકાસ માટે જ કર્યા કરવાનો છે.

ઉપરની રીતે કર્મો કેમ કરવાં એ એક પ્રશ્ન છે, પરંતુ જિજ્ઞાસુને જીવન જીવતાં જીવતાં જ એવી જાતનાં બધાં સમાધાન મળી જ રહે છે. એટલે જિજ્ઞાસુને જ્યારે એવા પ્રશ્ન થાય, ત્યારે વધારે અંતર્મુખ થઈને ભગવાનની અભિમુખ વધારે થવાય એવી રીતે શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ, આદરભાવના અને શરણાગતિની ભાવના કેળવ્યા કરવાનું એણે રાખવું. **જે વસ્તુ આજે નથી સમજાતી તે કાલે સમજાશે જ એ નક્કી છે.**

**તમારે બીજું ઘણું કામ ભલે હોય, પણ કૃપા કરીને, ખૂબખૂબ મહેનત લઈને નામસ્મરણ સતત ચાલુ રાખવાની મહેનત કરજો. એ જ આપણું ખરું કામ છે.** એને જ મહત્ત્વ આપવાનું રાખશો. કોઈ પણ ઉપાયે એની યાદ રહ્યા રહે એટલું તો કરશો જ. કામ તો થયા જ કરશે પણ મહેનત તો આ કામમાં લીધા કરશો અને કંઈ ને કંઈ નુસખા ખોળી કાઢી એ યાદ આવે તેમ કરશો.

'જીવન પગથી' ચોથી આ., પૃ.૯૪ ❑

# (૧૧) ભગવાન નિત્યાનંદ (૧)

**-સ્વામી મુક્તાનંદ**

પરમ પૂજ્ય ગુરુદેવ નિત્યાનંદજીનો જન્મ ક્યાં થયો અને ક્યાં ઊછર્યા તેમ જ તેમણે કયા સ્થળે સાધના કરી તે વિશે પૂર્ણ જાણકારી ઉપલબ્ધ નથી. શ્રીગુરુદેવ સતત પરમાનંદમાં રહેતા. તેમના મુખ પર મંદમંદ મલકાટ પ્રસરેલો રહેતો. તેમના અટ્ટહાસ્યનો પડઘો હજી મારા કાનોમાં સંભળાય છે. આ કારણે લોકોએ તેમને 'નિત્યાનંદ'ના નામે સંબોધવાનું શરૂ કર્યું એટલે તે જ નામે પ્રસિદ્ધ થયા.

દક્ષિણ કર્ણાટકમાં કાન્હનગઢની પાસે 'ગુરુવન' નામના સ્થળમાં યુવાન અવસ્થામાં સૌ પ્રથમ તેઓ પ્રકટ થયા. ગુરુવનમાં પર્વતની અંદર ઘણી લાંબી ગુફા છે. એ ગાઢ જંગલમાં જંગલી પ્રાણી, સાપ, ઝેરીલાં વૃક્ષો હતાં. એ ગુફામાં તેઓ લાંબા સમય સુધી નિર્વિકલ્પ સ્થિતિમાં પોતે રહ્યા હતા. તેની વાત તેઓશ્રી કરતા. આ સ્થળે આવેલા પાણીના પ્રવાહ તેમ જ બાગબગીચો અને નાળિયેર, આંબા, ફણસ, સોપારી વગેરે ફળ વૃક્ષો ગુરુદેવનું સર્જન છે. મેંગ્લોર પ્રાંતના લોકો આ ગુરુવનને પવિત્ર તીર્થ માને છે.

ગુરુવનથી ત્રણચાર માઈલ દૂર સાગર કિનારાથી એક માઈલ અંદર કાન્હનગઢ ગામની સીમા પર શ્રીગુરુદેવે સ્થાપેલો વિશાળ આશ્રમ છે. ત્યાં કોસ દુર્ગ નામનો કિલ્લો, આસપાસ આવેલી ટેકરીઓ ચાળીસથી વધારે ગુફાઓ છે. આ નિત્યાનંદ આશ્રમની સંભાળ શ્રી જનાનંદ સ્વામી સંભાળે છે.

દક્ષિણ ભારતના કેરળ અને મેંગ્લોર પ્રાંતો ગુરુદેવ નિત્યાનંદ ભગવાનની લીલાભૂમિ છે. તે વિસ્તારના અનેક લોકોને જાતજાતના રોગ, દુઃખ, ક્લેશ અને દરિદ્રતાથી મુક્ત કર્યા હતા. ગુરુદેવ એકાંત પ્રિય હતા. તેઓ પગપાળા વીજળીવેગે વનમાં ગિરિકંદરાઓમાં વિહરતા. એક સ્થાનમાં કદાપિ સ્થિર રહેતા ન હતા. બ્રહ્માનંદ સ્થિતિમાં પડી રહેતા. કોઈ અન્નજળ આપે તો સ્વીકારતા પરંતુ તેઓને પોતાને તેની જરૂરિયાત ન હતી.

શ્રીગુરુદેવની આ કાળની અનેક ચમત્કારપૂર્ણ વાતો છે. 'નિત્યાનંદ આશ્રમ'ની સ્થાપના વખતે ગુરુદેવ નાણાં ક્યાંથી લાવે છે તેની તપાસ કરવા આવેલી પોલીસને તેઓ ગાઢ જંગલમાં આવેલા મગરોથી ભરેલા તળાવ પાસે લઈ ગયા અને પોતે તે પાણીમાં કૂદી પડી અંદરથી કોરી ચલણી નોટોનાં બંડલો કાઢી - કાઢી પોલીસ ઉપર ફેંકવા લાગ્યા હતા. શ્રદ્ધાળુ ભક્તો રોગમુક્ત થવા ને ભૂતપિશાચથી છૂટવા ગુરુદેવ પાસે આવતા હતા. શ્રીગુરુદેવને પાગલ માણસ સમજી જેલમાં પુરાવ્યા તો તેઓ એક સરકારી અધિકારી ને એક જ સમયે જેલમાં અને બહાર રસ્તા ઉપર દેખાયા હતા. એટલે તરત જ તેઓને બંધન મુક્ત કર્યા હતા. પાવંજા નદીના જળપ્રવાહ પરથી ચાલીને જતાં ત્યાંના લોકોએ જોયા હતા. હજારો માણસોને તેઓ મીઠાઈ ખવડાવતા પણ મીઠાઈ ક્યાંથી આવતી તેનો પત્તો જ ન લાગતો. મેલીવિદ્યાના જાણકારે ગુરુદેવ ઉપર કરેલા પ્રયોગનો ભોગ તે પોતે જ બન્યા હતા. ગુરુદેવને ઝેર આપનારનું જ મૃત્યુ થયું હતું.

શાસ્ત્રજ્ઞ મહર્ષિઓએ સિદ્ધિઓના ત્રણપ્રકાર બનાવ્યા છે. મેલીસિદ્ધિ, મંત્રસિદ્ધિ મહાસિદ્ધિ છે. શુદ્ધ જ્ઞાનનો ઉદય થતાં મહાત્મા સર્વેશ્વર બની જતાં એ સિદ્ધિ સહજ રીતે તેમની પાસે આવી જાય છે.

દક્ષિણ ભારતમાં કેટલાંક વર્ષો સુધી અનેક લીલાઓ કરીને શ્રીગુરુદેવ ભારતની તીર્થયાત્રા કરવા નીકળી પડ્યા. દેશના પ્રત્યેક તીર્થસ્થાનનું તેઓ યથાર્થ વર્ણન કરતા. એક લોકવાયકા પ્રમાણે ગુરુદેવે હિમાલયની ઘોર તપશ્ચર્યા કરી હતી. સારાયે દેશમાં

પરિભ્રમણ કર્યા પછી મહારાષ્ટ્રના થાણા જિલ્લાના વજ્રેશ્વરી નામના પવિત્ર ક્ષેત્રમાં પધાર્યા હતા. ત્યાં વજ્રેશ્વરી દેવીનું ગગનચૂંબી મંદિર છે. જે શ્રી ચીમનાજી પેશ્વાએ બંધાવેલું. બાજુના અકલોલ નામના ગામમા 'રામકુંડ' નામે ગરમ પાણીના કુંડતીર્થ છે. અહીં શ્રીગુરુદેવે એક ધર્મશાળા તથા વાવ બંધાવી. વજ્રેશ્વરીમાં પણ ધર્મશાળા, ઉપહાર ગૃહ, વાવ દવાખાનું, પ્રસૂતિગૃહ તથા શાળાનાં લોકોપયોગી કામો કર્યાં. તે પછી નજીકમાં આવેલ ગણેશપુરીમાં ભીમેશ્વર મહાદેવ પાસે ગરમપાણીના કુંડ છે. ત્યાં કાયમી રીતે સ્થિર થયા. ત્યાં ત્રીસ પાંત્રીસ વર્ષ સુધી ત્યાં જ દર્શન આપતા હતા. ગણેશપુરીમાં મંદાગ્નિ પર્વત છે. જ્યાં અનેક સિદ્ધ લોકોએ તપસ્યા કરી છે. ઉપરાંત નિર્મળ, પાવનકારી તેજ નદી છે. ફળફૂલથી હર્યાભર્યા જંગલ છે. વસિષ્ઠ મુનિએ અહીં મોટો યજ્ઞ કર્યો હતો. આજે ગણેશપુરી એક દેવનગરી સમાન બની છે. ગરમ પાણીના ભીમકુંડમાં ગુરુજી બ્રાહ્મમુહૂર્તમાં સ્નાન કરતા. પેટના દર્દીઓને શ્રીગુરુદેવ આ કુંડમાં સ્નાન કરવાનું કહેતા.

ગુરુદેવના ભક્તોએ કષ્ટ વેઠીને તેમને માટે 'કૈલાસનિવાસ' બનાવ્યું અને ધર્મશાળામાંથી ત્યાં નિવાસ માટે લઈ ગયા. પ્રતિષ્ઠિત ભક્તોએ પોતાના બંગલા બનાવ્યા તેથી નિત્યાનંદ કૉલોની ઊભી થઈ છે. ગુરુદેવે વીજળી માટે સ્વતંત્ર પાવરહાઉસ બનાવડાવ્યું છે. થાણે, વસઈ, વિરાર અને બોરીવલીથી નિયમિત બસસર્વિસ પણ ચાલુ થઈ ગઈ છે.

આસપાસનાં ગામોનાં ગરીબ બાળકોને સવારમાં જ ભોજન આપવા માટે એક 'બાળભોજનશાળા' છે, તેનું અલગ ટ્રસ્ટ છે. પ્રાથમિકશાળા પણ તૈયાર થઈ છે.

શ્રીગુરુદેવનું લલાટ ગોળ અને ઊંચું હતું. મુખારવિંદ અત્યંત આકર્ષક હતું. વિશાળ ઉત્કૃષ્ટ નયનોની ઉપર ધનુષ્યાકારે ભ્રમરો અત્યંત સોહામણી લાગતી હતી. તેમના બંને કાન શંખ જેવા અને અંદરથી કંકણાકાર હતા. વિશેષ કરીને તેઓ આરામ ખુરશીમાં શાંતચિત્તે અને હસતી મુખમુદ્રામાં તટસ્થ ભાવથી બેસી રહેતા હતા. તેઓએ એક માત્ર લંગોટીથી પોતાનો અવતાર પૂરો કર્યો. અન્ન ઘણું ઓછું લેતા. તેમની સાદાઈ અને ત્યાગ મહાન વ્યક્તિત્વના દ્યોતક હતા.

શ્રીગુરુદેવ મૌન રહેતા. કોઈ પૂછે તો સરળ અને સાદી ભાષામાં તત્ત્વજ્ઞાન સમજાવતા. તેઓશ્રીને મરાઠી, અંગ્રેજી, કન્નડ, તેલગુ, તામિલ અને મલાયમ આદિ ભાષાઓનું સારું જ્ઞાન હતું. રાત્રે તેઓ સૂતા ન હતા. એ રીતે તુરીયાતીત અવસ્થામાં હતા. બધા ભક્તો તેઓને 'બાબા'ના નામે બોલાવતા હતા. ભક્તોનાં દુઃખ અને મુશ્કેલી તેમનાં દર્શનથી દૂર થતી. તેમના સાધકોને સમાધાન અને સંતોષ મળતાં હતાં. શ્રીગુરુદેવ ઓછું બોલતા છતાં નાનાં વાક્યોથી ઓછા શબ્દોથી ઉત્તર મળી જતા. ક્યારેક ભક્તોને પ્રસાદ પણ આપતા, જે મેળવીને ભક્તો ધન્ય બનતા. ચાર દીવાલોની વચ્ચે પથ્થરના એક ઓટલા પર કામળો વીંટીને બેઠેલા ગુરુદેવ નજીકના કે દૂરના બધા ભક્તોની સંભાળ રાખતા હતા. આસપાસના ગરીબ અને આદિવાસી પ્રજાને બાબા પોતે વસ્ત્રદાન આપતા. બાળકો ઉપર શ્રીગુરુદેવને અનહદ પ્રેમ હતો. તેઓને અનેક પ્રકારની મીઠાઈઓ, બિસ્કિટ, વસ્ત્ર વગેરે આપવામાં સદૈવ આનંદ માણતા. બાળકોને રમવાના અનેક પ્રકારનાં રમકડાંનો સંગ્રહ હતો. બાળભોજનશાળામાં પ્રતિદિન નિયત સમયે હજારથી દોઢ હજાર બાળકો ભોજન કરતા. સાધુસંન્યાસી, અતિથિ અને ભિક્ષુકને માટે પણ અન્નદાનની આવી જ વ્યવસ્થા હતી.

શ્રીગુરુદેવનો આદેશ હતો કે **'અન્નને પૂર્ણ બ્રહ્મ સમજો'.**

શ્રીગુરુદેવનાં દર્શને અસંખ્ય લોકો વિશેષતઃ શનિ-રવિમાં જે આવતા તે અનેક પ્રકારની ભેટ

ધરતા હતા. મિષ્ટાન્ન, ફળ, ખાદ્યચીજો, ફળ, બિસ્કિટ, પિપરમીટ, ધોતી-સાડીની ગાંસડીઓ બાળકો માટે ટોપીઓ, ચડ્ડીઓ - ખમીસો સ્લેટપેન, પુસ્તકો, છત્રીઓ, કામળા વગેરેનો મોટો ઢગલો થઈ જતો. શ્રીગુરુદેવ આ બધી ભેટ છુટ્ટે હાથે જરૂરત મંદોમાં વહેંચી દેતા હતા. શ્રીગુરુદેવનાં દર્શને આવતા ભક્તો પોતપોતાની રીત મુજબ નમસ્કાર કરીને બેસતા, શ્રીગુરુદેવ સર્વને કહેતા 'સર્વબ્રહ્મ, સર્વબ્રહ્મ' ઉપરાંત, નમસ્કાર કરનારને કહેતા. 'તું સ્વયં ભગવાન છે, અને આ બધા પણ ભગવાન છે.'

શ્રીગુરુદેવ જે સ્થિતિમાં હતા, તે નિર્વિચાર અને નિઃશબ્દ સ્થિતિમાં રહેવાનો બોધ બધાને આપ્યા કરતા હતા.

એકનાથ મહારાજે 'ભાવાર્થ રામાયણ'માં કહ્યું છે, કે મનુષ્ય પોતાની યોગ્યતા, અંતઃકરણની પવિત્રતા અને બુદ્ધિ અનુસાર બીજાને ઓળખે છે. મનુષ્ય જે કઈ જાણે છે, સમજે છે, તે બધું તેના પોતાના અંતર્ભાવને અનુરૂપ જ હોય છે. પોતાની યોગ્યના, વિજ્ઞાન અને પાપપુણ્યના પરિણામ દ્વારા જે કાંઈ તેની સમજમાં આવે છે. વસ્તુતઃ સત્ય તો એ છે, કે જ્યારે મનુષ્યમાં રહેલા સર્વ દોષો નાશ પામે છે, ત્યારે પૂર્વના તેનાં પુણ્યોનાં ફળસ્વરૂપે ભગવાન સ્વયં તેને જ્ઞાન આપે છે અને ત્યારે જ તે સત્ય-અસત્યને પ્રત્યક્ષ જાણી લે છે.

પોતપોતાની ભાવનાનુસાર શ્રીગુરુદેવને કોઈક ભક્ત ગણતા, કોઈક યોગી તરીકે જોતા તો કોઈક જ્ઞાની તરીકે સ્વીકારતા. હકીકતમાં શ્રીગુરુદેવ સર્વ હતા. યોગ, ભક્તિ, જ્ઞાન વગેરે એક જ છે. પ્રેમભક્તિ વિના યોગ ક્યાંથી હોય. અને યોગ વિના જ્ઞાન ક્યાંથી હોય, જ્ઞાન વિના ભગવત તત્ત્વ ન હોય અને ભગવત તત્ત્વ વિના પરમાનંદ-નિત્યાનંદ ન હોય. શ્રીગુરુદેવ પૂરેપૂરા સમદર્શી હતા. તેઓશ્રીનો **સંદેશ હતો કે 'સર્વની સાથે આત્મભાવ કેળવો'** તેમને મન બધા જ સંપ્રદાય સરખા હતા. મતિ, સંપ્રદાય, મત, પંથ બધા દ્વારા એક જ સ્થાન પ્રાપ્ત થાય છે એમ તેઓનું કથન હતું. શ્રીગુરુદેવનું કહેવું હતું કે પરમાત્મા જ આ સૃષ્ટિ તથા જીવોનો રચયિતા છે અને એમાં જાતિ પંથ, મત વગેરે તો જીવોએ નિર્માણ કરેલી બાબતો છે. જડચેતન સર્વને માટે એક પૃથ્વી, એક પ્રાણવાયુ, એક જળ, એક આકાશ, એક સૂર્યચંદ્ર, એક નામ, એક ઈશ્વર, એક ગુરુ, એક જગત છે. શ્રીગુરુદેવના દરબારમાં તમામ ધર્મ - સંપ્રદાયના ભક્તોની અવરજવર રહેતી હતી. ઉપાસના કે ભક્તિના પ્રકારમાં ફેર હોય છે. ભગવાન એક જ છે.

ભગવાન નિત્યાનંદજી આનંદની મસ્તીમાં આવીને ક્યારેક ક્યારેક બોલતા કે 'આ બધી મારી જ વ્યાપ્તિ છે.' **'બધાંમાં હું જ છું, મારામાં બધું છે.'** ગુરુ દરબારમાં બધા જ પ્રકારના લોકોને સ્થાન હતું. એટલે જ એ ભગવાનનો દરબાર કહેવાતો કે જ્યાં વિશ્વના બધા જ પ્રકારના જીવાત્મા એકસાથે રહી શકે છે. શ્રીગુરુદેવ કહેતા 'આ એકના અનંતરૂપ છે, આપણો જ આત્મા છે, તેના વડે જ આ જગત છે. જગત તમારાથી ભિન્ન નથી, જગતથી તમે અલગ નથી. જગતને આત્મવત્ જુઓ - આ જ વેદાંત છે, આ જ ભક્તિ અને પૂજા છે.'

વેદાંતના મત પ્રમાણે આ જગતનું ઉપાદાન કારણ બ્રહ્મ છે. બ્રહ્મથી જ જગત બન્યું છે. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે, કે મારા સિવાય કિંચિત્ માત્ર પણ અન્ય વસ્તુ નથી. આમ હોવા છતાં માનવી પોતાની ભાવના અને જ્ઞાન પ્રમાણે દુઃખી કે સુખી થાય છે. જગતમાં મનુષ્ય રુચિપ્રધાન હોય છે. સત્યને તો કોઈ વિરલા જ જાણે છે. શ્રીગુરુદેવ અંતર્યામી હોઈ બધાંના અંતરને જાણતા એટલે બધાંના મનનું સમાધાન કરતા. તેમને મન સૌમાં એક જ આત્મારામ હતો.

**ક્રમશઃ**

## (૧૨) જન્મ અને મૃત્યુ - બે અલ્પવિરામ

-મકરન્દ દવે

મારા ગુરુએ મને નાનપણથી મોટો કર્યો હતો એટલે હું એમનું કહેલું માનતો હતો. તેમ છતાં તેઓ જે શીખવતા તેની સત્યતા વિશે મને હંમેશાં ખાતરી થતી એવું ન હોતું.

મારા ગુરુએ મને વિવિધ સાધુઓને મળવાનું સૂચવ્યું હતું. પહેલાં તો મને વિચાર આવ્યો કે આ બધા નકામા લોક છે. ધીરે ધીરે મને સમજ આવી કે આપણી શંકાઓનું પૃથક્કરણ કરતાં આપણે શીખવું જોઈએ.

હું સત્તર વર્ષનો હતો ત્યારે એકવાર મને એક સાધુ પાસે મોકલવામાં આવ્યો. તે પણ મારા ગુરુના જ શિષ્ય હતા. પણ તે વખતે મને એની ખબર ન હતી. ગંગોત્રી નજીકની એક જગ્યાએ રહેતા એ સાધુ પાસે હું ગયો. ત્યારે તેઓ એક ગુફામાં બેઠા હતા. એમના જેવું સુગઠિત શરીર આ પહેલાં મેં કદી જોયું ન હતું. મેં જ્યારે જાણ્યું કે તેમની ઉંમર ૮૫ વર્ષની છે, ત્યારે તો મારા આશ્ચર્યની અવધિ ન રહી.

એ સાધુનું અભિવાદન કર્યા પછી મારો પ્રથમ સવાલ તેમને એવો હતો કે 'તમે અહીં ખાઓ છો શું ?' કારણ કે તે વખતે મારું મન ખોરાકના વિચારોમાં રોકાયેલું રહેતું.

સંન્યાસીએ કહ્યું, તને ભૂખ લાગી હોય તો ગુફાના પેલા ખૂણામાં થોડાં મૂળિયાં છે, તેમાંથી એક લઈ આગમાં ઢાંકી દે. થોડી મિનિટ પછી કાઢીને ખાજે. મેં એ પ્રમાણે કર્યું. મૂળિયું ખૂબ સ્વાદિષ્ટ હતું. પછી મહારાજે મને કહ્યું, **'હું તને શબ્દો દ્વારા નહિ શીખવું.'** હું ત્રણ દિવસ તેમની પાસે બેઠો અને કોઈ જ વાતચીત થઈ નહિ.

ત્રીજા દિવસે મને થયું કે અહીં આખો દિવસ ચૂપ રહેતા આ માણસ સાથે રહીને સમય અને શક્તિનો વ્યય થઈ રહ્યો છે. હું આમ વિચારતો હતો ત્યાં એમણે મને કહ્યું, 'વત્સ, ચોપડીમાં મળે છે, તેવું બૌદ્ધિક જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તને મારી પાસે મોકલવામાં નથી આવ્યો. તું અહીં કંઈક અનુભવ મેળવવા આવ્યો છે. પરમ દિવસે હું મારું શરીર છોડી દેવાનો છું'.

મને સમજાયું નહિ કે કોઈ માણસે સ્વેચ્છાએ શા માટે દેહત્યાગ કરવો જોઈએ ? એટલે મેં તેમને કહ્યું, 'મહારાજ ! એ તો આત્મહત્યા કહેવાય. તમારા જેવા સંન્યાસીએ આત્મઘાત કરવો એ સારી બાબત ન કહેવાય. કૉલેજમાં ભણીને હું આ પ્રકારનું શીખ્યો હતો.

તેમણે કહ્યું 'હું આત્મહત્યા કરતો નથી. તમે ચોપડીનું જૂનું પૂંઠું કાઢીને બીજું નવું પૂંઠું ચઢાવો છો, ત્યારે તમે કાંઈ ચોપડીનો નાશ કરતા નથી. ઓશીકાની ખોળ બદલવામાં કોઈ ઓશીકાનો નાશ થતો નથી.

સત્તર વર્ષની ઉંમરે હું શંકાશીલ હતો. મેં તેમને કહ્યું, 'તમારું તો અદ્ભુત સુંદર શરીર છે, એ ત્યજી દેવાનું, એ તો પાપ છે.' તેમણે જવાબ આપ્યા વિના થોડીવાર મને સાંભળ્યા કર્યો.

થોડી વારમાં મારો એક ગુરુભાઈ અંદર આવ્યો. મને આશ્ચર્ય થયું. તે ચુપચાપ મને એકબાજુએ લઈ ગયો અને કહ્યું, 'એમને હેરાન ન કર. તું એમને મૂર્ખાઈ ભરેલા પ્રશ્નો પૂછે છે. ઋષિ કોને કહેવાય તેની તને કંઈ સમજ નથી, તેમને શાંતિથી દેહત્યાગ કરવા દે.

મારા ગુરુભાઈને મેં કહ્યું, 'આ કંઈ યોગ ન કહેવાય. પોલીસ અહીંથી દૂર છે. નહિતર તો હું એમને પકડાવી દેત. આ ગેરકાનૂની કૃત્ય છે.' મારા ગુરુભાઈ મારા કરતાં મોટા હતા. તેઓ કહે, 'ધીરો પડ. તારે હજી ઘણી વસ્તુઓ શીખવાની છે. આપણે આપણું દિમાગ ખુલ્લું રાખવું જોઈએ જેથી

જીવનમાંનાં ઘણાં રહસ્યોની સમજ પામી શકીએ.' બીજા ચોવીસ કલાક વીત્યા પછી મેં કહ્યું કે આમનામાંથી હું કાંઈ શીખ્યો નથી. એટલે હવે હું જવા માગું છું. તેમણે કહ્યું, 'એ પોતાના દેહનો ત્યાગ કઈ પ્રક્રિયા વડે કરે છે એ તો તું જો.

છેવટે મહારાજ બોલ્યા, 'ખરેખર તો હું કાંઈ જ કરતો નથી. શરીર છોડવાનો સમય આવે ત્યારે અમને એની ખબર પડે છે. આપણે કુદરતના માર્ગમાં આડે ન આવવું જોઈએ. મૃત્યુ કુદરતને મદદ કરે છે. મૃત્યુથી આપણે ભય પામવું ન જોઈએ. કારણ કે મૃત્યુ આપણને કશી અસર કરતું નથી. સમજાય છે ?'

મેં કહ્યું, 'મને મરવાની ઈચ્છા નથી અને એટલે એ સમજવાની પણ ઈચ્છા નથી. તેમણે કહ્યું, 'તારું વલણ બરાબર નથી. મૃત્યુ શું છે તે સમજવાની કોશિશ કર. એનાથી ભયભીત ન થા. મૃત્યુ તમારો અંત નથી. એ માત્ર તમને શરીરથી જુદા પાડે છે. મૃત્યુ શરીરની ટેવ છે. માણસ એકના એક શરીરમાં હંમેશ માટે જીવી શકે નહિ. તે પરિવર્તનશીલ છે, મૃત્યુ જીર્ણતાને વશ છે. તારે આ સમજવું જોઈએ. બહુ ઓછા લોકોને જિંદગીના વળગણમાંથી મુક્તિ મેળવવાની વિશેષ રીતની જાણ છે. આ વિશેષ રીતિ (ટેક્નિક) યોગ નામે ઓળખાય છે. આધુનિક દુનિયામાં જે લોકપ્રિય યોગ છે. તે આ યોગ નથી.

'ધ્યાનની સાચી પદ્ધતિ તમે જાણી લો, પછી તમે તમારા શરીર, મન અને આત્માની અન્ય ક્રિયાઓ પર કાબૂ ધરાવી શકો છો. શ્વાસ જ્યારે કામ કરતો અટકી જાય ત્યારે આ કડી તૂટી જાય છે. એ વિચ્છેદને મૃત્યુ કહેવાય છે. પણ તમારું અસ્તિત્વ તો હોય જ છે'

મેં પૂછ્યું 'શરીર વગરનું અસ્તિત્વ હોવાની લાગણી કેવી હોય ? તેમણે કહ્યું, 'તું ખમીશ ન પહેરે તો કેવું લાગે ? એમાં કાંઈ નથી.'

મારા મનનું સમાધાન તત્ત્વજ્ઞાન કે તર્ક એકેય રીતે ન થયું. હજુ ઘણી બધી રીતે મારું મન અપક્વ હતું.

દેહત્યાગ કરવાના આગલા દિવસે તેમણે અમને સૂચનાઓ આપી. વહેલી સવારે પાંચ વાગ્યે હું મારું શરીર છોડી દઈશ. તમે એને ગંગામાં સમાધિ આપો એવી મારી ઈચ્છા છે. તમે બંને મળીને એ કરી શકશો ?

મેં કહ્યું, 'હા, વળી એ તો હું એકલો કરી શકું' અને બતાવવા માટે મેં એમને ઊંચકી લીધા. ગંગા ત્યાંથી થોડાક સો વાર જ દૂર હતી.

અમે રોજ નિયમિતપણે રાતના ત્રણ વાગ્યે ઊઠી જતા. રાતના ત્રણથી સવારના છ, ધ્યાન માટે ઉત્તમ સમય ગણાય છે. તે સવારે અમે બધા એથી પણ વહેલા જાગ્યા અને વાતો કરવા લાગ્યા.

સંન્યાસીએ પૂછ્યું, 'બોલ તારી શી ઈચ્છા છે ? તારી જે કાંઈ ઈચ્છા હોય તે પૂરી કરવાનું હું વચન આપું છું' મેં કહ્યું, 'તમે તો હમણાં મરી જવાના, તમે મારે માટે શું કરી શકો ?

તેમણે કહ્યું, 'વત્સ, **સાચા ગુરુ માટે મૃત્યુ જેવું ખરેખર કાંઈ જ હોતું નથી. ગુરુ મૃત્યુ પછી પણ પોતાના શિષ્યોને દોરવણી આપી શકે છે.** પાંચ, સાડા પાંચ સુધી આમ અમારી વાતચીત ચાલતી હતી. ત્યાં અચાનક જ સ્વામીજીએ કહ્યું, 'હવે ધ્યાનમાં બેસો. પાંચ જ મિનિટમાં હું આ શરીર છોડી દઈશ. એનો સમય પૂરો થઈ ગયો છે. આ શરીર નામે ઓળખાતું સાધન, મેં જે મેળવી લીધું છે, એથી વધારે હવે કાંઈ આપી શકે તેમ નથી. તેથી હું તે છોડી જાઉં છું'.

પાંચ મિનિટ પછી તે બોલ્યા, 'ઓ... મ...' અને પછી શાંતિ છવાઈ ગઈ.

મેં તેમની નાડી અને હૃદયના ધબકારા તપાસ્યા. મને થયું, કદાચ થોડીવાર માટે નાડી અને હૃદય તેમણે અટકાવી દીધાં હશે. કદાચ હમણાં તે ફરી શ્વાસ લેતા થશે. પછી મેં એમના શરીરનું ઉષ્ણતામાન, આંખ વગેરે તપાસ્યું.

મારા ગુરુભાઈએ કહ્યું, 'બસ હવે બહુ થયું. આપણે સૂર્ય ઊગે તે પહેલાં એમના શરીરને ગંગામાં

સમાધિ આપવાની છે.' મેં કહ્યું, 'ચિંતા ન કરો. એ તો હું એકલો જ કરી શકીશ' પણ તેમણે કહ્યું, 'મારે પણ એમાં હાથ દેવો છે.'

અમે બંનેએ મળીને તેમના શરીરને ઊંચકવાનો પ્રયત્ન કર્યો ત્યારે ખબર પડી કે શરીરને તો હલાવી પણ શકાતું નથી. એક દેવદારની લાકડી લઈ તેને સાથળ નીચેથી ઘુસાડી શરીરને ભોંયથી છૂટું પાડવા માટે પ્રયત્ન કર્યો. એક કલાક સુધી અમને સૂઝ્યા એટલા બધા ઉપાય કરી જોયા, પણ એમને તસુભાર પણ ખસેડી શક્યા નહિ.

પછી જે બન્યું તે અનુભવ હું કદી ભૂલી શકીશ નહિ. સૂર્યોદય પહેલાં થોડી વારે મેં કોઈકને બોલતા સાંભળ્યા,'હવે આપણે એમને લઈ જઈશું' આજુબાજુ કોઈ હતું તો નહિ એટલે મને થયું કે આ ફક્ત મારી કલ્પના છે.

મારા ગુરુભાઈને પણ મેં પૂછ્યું, 'તમે કાંઈ સાંભળ્યું ?' તેમણે કહ્યું, 'હા, મેં પણ સાંભળ્યું !'

અચાનક જ સ્વામીજીનું શરીર હવામાં જાણે પોતાની મેળે જ અધ્ધર ઊંચકાયું અને ધીરે ધીરે ગંગા તરફ સરકવા માંડ્યું. થોડાક સો વાર સુધી એ હવામાં તરતું રહ્યું અને પછી ધીરેથી ગંગા પર ઊતરી પાણીમાં ડૂબી ગયું.

હું દિગ્મૂઢ થઈ ગયો. ક્યાંય સુધી હું આ અનુભવ આત્મસાત્ કરી શક્યો નહિ. કોઈ સાધુએ કોઈક ચમત્કાર કર્યો છે એમ લોકો વાત કરે ત્યારે મેં હંમેશાં કહેલું કે એમાં કોઈક તરકીબ હશે. પણ હવે મારી નજર સામે જ મેં આ બધું બન્યું. મારા ખ્યાલો ઝડપથી બદલાઈ ગયા.

હું આશ્રમે પાછો ફર્યો ત્યારે થોડાક સાધુઓ ચર્ચામાં ગૂંથાયેલા હતા. વિષય હતો : ભગવાને જ જો ખરેખર સૃષ્ટિ ઉત્પન્ન કરી હોય અને તે જ તેનું ધ્યાન રાખતા હોય તો દુનિયામાં આટલું દુઃખ કેમ છે ?

એક સાધુએ કહ્યું, 'આ ભૌતિક વિશ્વ તો સમગ્ર અસ્તિત્વનું એકમાત્ર પાસું છે. બીજાં 'પાસાં' જાણવાની આપણમાં મૂલતઃ શક્તિ છે, પણ આપણે એ શક્તિને સિદ્ધ કરવાના ખરા દિલથી પ્રયત્નો કરતાં નથી. આપણું મન ભૌતિક પક્ષ પર જ ધ્યાન માંડી રહે છે. માણસ દુઃખ સહન કરે છે કારણ કે સમગ્ર શું છે, એ તે જાણતો નથી. મને તેમની વાતોથી પ્રેરણા મળી, મને ઊંડી એકાગ્રતા અને રસથી એ વાતો સાંભળી. મારા મનની અનિશ્ચિતતાઓ ધીરે ધીરે નિર્મૂળ થઈ ગઈ.

સાધારણ માણસો જીવનનાં કેટલાંક પાસાંને રહસ્ય કે ગૂઢ ગણે છે, પણ અજ્ઞાનનો પડદો હટાવતાં આ રહસ્યોનો સહેલાઈથી ખુલાસો મળી રહે છે. આધુનિક વિજ્ઞાનીઓને મૃત્યુ પામવાની ટેક્નિક ખબર નથી, પણ યોગવિજ્ઞાનમાં આવી પદ્ધતિઓનું વર્ણન કરેલું છે. થોડાક સદ્ભાગી લોકો સમક્ષ જ જન્મ અને મૃત્યુનું રહસ્ય ખુલ્લું થાય છે. જીવનનો જ્ઞાનભાગ તે જન્મ અને મૃત્યુનાં બે બિંદુ વચ્ચે લીટી છે. આ બે જ્ઞાત બિંદુની પાર અસ્તિત્વનો મોટો ભાગ છે, જે અદીઠ અને અજાણ રહે છે. 'જીવનનો આ અજ્ઞાત ભાગ જે સમજે છે, તે જાણે છે કે જીવનનો આ ગાળો તો એક વિશાળ વાક્યમાં અલ્પવિરામ સમાન છે.

પ્રાચીન યોગશાસ્ત્રમાં લખ્યું છે, કે શરીર છોડી દેવાની એક ચોક્કસ પદ્ધતિ છે.

પ્રાણને બહાર નીકળવાનાં અગિયાર દ્વારોનું તેમાં વર્ણન છે. યોગીજન મસ્તકના ઉપરના ભાગમાં આવેલા બ્રહ્મરંધ્ર નામના દ્વારમાંથી પ્રાણ નીકળે એવી વિદ્યા શીખે છે. એમ કહેવાય છે, કે જે આ દ્વારમાંથી ગમન કરે છે તે મૃત્યુ વખતે ભાનમાં રહે છે અને જે રીતે અહીંનું જીવન જાણે છે તે જ રીતે મૃત્યુ પછીનું જીવન પણ એ જાણે છે. ❑

'હિમાલયના સિદ્ધયોગી'માંથી
ગુજરાત સમાચાર તા.૨૭-૩-૨૦૧૩ના
આધારે સાભાર સંકલિત

# (૧૩) પૂજ્ય શ્રીમોટા-વકતૃત્વ અને નિબંધ સ્પર્ધા

-યશવંતભાઈ પટેલ

હરિઃૐ સત્સંગ મંડળના હોદ્દેદારો અને સક્રિય સભ્યો દ્વારા પૂજ્યશ્રીના જીવનસંદેશ અંગે એક પછી એક જિલ્લાઓમાં જે કામગીરી થઈ રહી છે તેની ત્રૂટક જાણકારી 'હરિભાવ' દ્વારા અપાતી રહી છે. છેલ્લે ફેબ્રુઆરી, ૨૦૧૩ના અંકમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા (અંબાજી) તાલુકાની પ્રાથમિક શાળાઓમા વકતૃત્વ / નિબંધ હરીફાઈઓ બીજા તબક્કા સુધીની યોજાઈ ગઈ તે બાબતે વિગતો પ્રકાશિત કરાઈ છે.

હવે છેલ્લો આખરી તબક્કો પૂર્ણ થતાં તેનો અહેવાલ બી.આર.સી. ભવન અંબાજી દ્વારા તેમ જ સત્સંગ મંડળ દ્વારા મલ્યો છે. તેનો ટૂંકો અહેવાલ અત્રે અપાયો છે.

હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદ દ્વારા પૂજ્ય શ્રીમોટા વિશે અપાયેલ સાહિત્ય અને 'હરિભાવ' સામયિકના વાંચન દ્વારા દરેક બાળકે પોતાના માર્ગદર્શક શિક્ષકના માર્ગદર્શન મુજબ દાંતા તાલુકાની ૨૨૧ પ્રાથમિક શાળાઓનાં ૮૦૦૦ જેટલાં બાળકોએ આ વિસ્મરણીય વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. શાળાકક્ષાએ પ્રથમ નંબરના વિજેતાઓને સી.આર.સી. કક્ષાની સ્પર્ધાઓ માટે નોમીનેટ કરાયા હતા.

તા.૮-૧-૨૦૧૩ ના રોજ બીજા સ્તરની - બીજા તબક્કાની સ્પર્ધાનું તાલુકાના ૨૭ કલસ્ટર કક્ષાએ આયોજન કરાયું હતું. આ સી.આર.સી. કક્ષાએ વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધામાં આવેલા પ્રથમ નંબરના વિજેતાઓનું બ્લોક કક્ષાએ સ્પર્ધા માટે નોમીનેશન કરાયું હતું.

તમામ ૨૭ સી.આર.સી. કક્ષાના વિજેતાઓની આખરી સ્પર્ધા તા. ૫-૩-૨૦૧૩ ના રોજ અંબાજી પ્રાથમિક શાળા નં.૧ ખાતે રાખવામાં આવી હતી. સી.આર.સી., બી.આર.સી. કૉ-ઑર્ડિનેટર તેમ જ અંબાજી પે સેન્ટરના આચાર્યશ્રીના સાંનિધ્યમાં હરિઃૐ સત્સંગ મંડળનાં સ્વજનોની સાથમાં આ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ૪૮ બાળકોએ ભાગ લીધો હતો.

બંને સ્પર્ધામાં દરેક બાળકને ૩૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. જેમાં તેઓએ પોતાની મૌલિક શક્તિ પ્રદર્શિત કરી હતી.

પૂજ્ય શ્રીમોટાના જીવનપ્રસંગો જ્યારે બાળકો તેમની આગવી રીતે રજૂ કરતાં હતાં ત્યારે વાતાવરણ ભાવસભર બન્યું હતું. પૂજ્ય શ્રીમોટાની આર્થિક રીતે ગરીબીનું વર્ણન કરતી વખતે આશ્રમ શાળાની એક વિદ્યાર્થિની તો ચોધાર આંસુએ રડી રહી હતી. તેને શાંત્વન આપવું પડ્યું હતું. બધા સ્પર્ધકોની રજૂઆત એટલી તો અસરકારક હતી કે નિર્ણાયકોને નિર્ણય લેવામાં મુશ્કેલીનો અનુભવ કરવો પડ્યો હતો. બીજા નંબરના વિજેતા માટે બે બે નામ જાહેર થતાં ચિઠ્ઠી-ડ્રૉ કરીને નામ જાહેર કરવાં પડ્યાં હતાં. જોકે તે પૈકી એકને નિયત વસ્તુઓ અને બીજાને તેની કુલ રકમ રોકડેથી ઇનામ તરીકે અપાઇ હતી.

ઈનામ તરીકે મોલ્ડેડ બૅગ, ટ્યૂશન બૅગ, શાળાબૅગ, પાઉચ, ગરમશાલ, ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશ, નિંબંધમાળા - અંગ્રેજી શીખો તરણામાંથી મેરુ વગેરે અપાયાં હતાં. 'પ્રથમ વિજેતાને અંદાજે રૂ. ૧,૭૦૦/- ની અને બીજા ક્રમાંકને રૂ. ૧,૨૦૦/-ની કિંમતની વસ્તુઓ આપી હતી.

**નિબંધ સ્પર્ધામાં વિજેતાઓ :-**

**પ્રથમ** - મૌલિક બી. પ્રજાપતિ ધોરણ-૮ મોડાસાડા પ્રા.શાળા. **દ્વિતીય** - જાગૃતિ એમ. પ્રજાપતિ ધોરણ-૮ મંડાલી પે સેન્ટર શાળા.

**વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતાઓ :-**

**પ્રથમ** - મયૂરી એસ. પ્રજાપતિ ધોરણ-૭ મંડાલી પે સેન્ટર શાળા. **દ્વિતિય** - આશા ડી. સોલંકી ધોરણ-૭ કેશરપુરા પ્રા. શાળા. **સંયુક્ત દ્વિતીય** - પ્રગતિ આર પ્રજાપતિ ધોરણ-૮ હડાદ પ્રા. શાળા.

આ કાર્યક્રમમાં અંબાજી ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચશ્રી, અંબાજી આરાસુરી કન્યા વિદ્યાલયના આચાર્યશ્રી, શ્રી દાતા તાલુકા કૉ-ઑર્ડિનેટર, બી.આર.સી. શ્રી દાતા તાલુકા ઘટક સંઘના પ્રમુખશ્રી/મંત્રીશ્રી અંબાજી પ્રાથમિક શાળાના આચાર્યશ્રી તેમ જ તમામ સી.આર.સી. મિત્રો અને સ્પર્ધામાં ભાગ લીધેલ બાળકોના માર્ગદર્શક શિક્ષક મિત્રોની પ્રોત્સાહજનક ઉપસ્થિતિ હતી. હરિઃૐ સત્સંગ મંડળના હોદ્દેદારો અને સક્રિય સભ્યો ઉપરાંત, અંબાજીમાં મારબલની ખાણો ધરાવતા શ્રી બિરેન જયંતીભાઈ પટેલની યોગાનુયોગ હાજરીનો લાભ મળ્યો હતો. તેઓશ્રી પણ આ વિસ્તારમાં શાળાનાં બાળકોની સહાનુભૂતિ અને સદ્ભાવપૂર્વક એક યા બીજા પ્રકારની સેવામાં સક્રિય છે. આ કાર્યક્રમથી તેઓએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ગોરાડ સી.આર.સી. કૉ-ઑર્ડિનેટર શ્રી દિનેશસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. છેલ્લે આભારવિધિ નાગેલ સી.આર.સી. કૉ-ઑર્ડિનેટર શ્રી દલાભાઈ રબારી દ્વારા કરવામાં આવી હતી. ❑

**અનુસંધાન પૃ., ૧૧ પરથી ચાલુ**

છે. સારી વસ્તુનું અને ખરાબ વસ્તુનું જ્ઞાન થવું જોઈએ. ધર્મને અને અધર્મને પણ જાણવો જોઈએ.

માણસ કર્મ કરતો ન હોય છતાં ઢગલાબંધ કર્મો થતા હોય છે. મોટા વેપારીની ઘણી બધી દુકાનો ચાલતી હોય છતાં તે તો એક જ જગ્યાએ બેસી રહે છે. બીજા જુએ તો એ તો ગાદી ઉપર જ બેઠો રહે છે. કર્મ ના કરવા છતાં કર્મ થયા કરે છે. નદી આખો દિવસ વહ્યા કરે છે. સૂર્ય આખો દિવસ ફર્યા કરે છે. આ બધાં કર્મમાં અકર્મ રહેલું છે.

મા પોતાના બાળકને ભીનામાંથી ઉઠાવીને કોરામાં સુવાડે અને પોતે ભીનામાં સૂઈ જાય છે. રાત્રે ઉજાગરા થાય છતાં એને એ કર્મમાં વિકર્મ છે.

કર્મ કરવા છતાં કર્મ કરું છું એવું જેને લાગતું નથી એ યોગી ગણાય છે. એના કર્મથી બધાંનું ભલું થાય. સારું કર્મ નકામું જતું નથી. ઝંડુ ભટ્ટ વૈદ્યની વાત છે. એક મુસલમાન બાઈ તેમની પાસે આવીને કહે કે, એના નાના દીકરાને દર્દ થાય છે. તે કોઈ મટાડતું નથી. વૈદ્યે એના છોકરાને મૂકી જવાનું કહ્યું. ચાર મહિને એનું દર્દ મટાડ્યું.

જામ સાહેબનું અવસાન થયું. તેના સ્મારક ફાળામાં ગામના શેઠે ૫૦૦ કોરી (તે વખતનું ચલણ -સં.) લખાવી. આ વૈદ્યે ૧૦૦૦ કોરી લખાવી. કોઈકે શેઠને વધારે લખવા કહ્યું, શેઠે એકમીંડું વધાર્યું, તો વૈદ્યે પણ એક મીંડું વધાર્યું. ગામમાં વાત ફેલાઈ ગઈ. વૈદ્ય પાસે એટલી રકમ તો ન હતી, આ વાતની પેલા મુસલમાનને ખબર પડી. એ આફ્રિકા જઈને કમાણી કરીને આવ્યો હતો. એને થયું કે મને તો આ વૈદ્યે બચાવેલો. તરત જ એ વૈદ્ય પાસે ગયો અને ૨૦૦૦ ગીનિ આપી. આમ કરેલું સારું કામ નકામું જતું નથી. અજાણતાં પણ આવું કર્મ થઈ જાય છે અને લોકોને એ ખપમાં આવે છે.

'ગીતા બોધવાણી', ૫મી આ., પૃ. ૨૧૭ ❑



નામસ્મરણનું ઔષધ જે આપે તે ગુરુ અને તે જ વૈદ્ય. તેની પાસેથી પથ્ય સમજી લેવાની જરૂર હોય છે. પથ્ય સિવાય વ્યવહારી રોગ પણ સારો થાય નહિ. વ્યવહારી રોગનાં ઔષધો શારીરિક રોગ સારા કરશે. પરંતુ નામોચ્ચારણરૂપી ઔષધ લઈને પથ્ય પાળીએ તો શારીરિક, માનસિક તેમ જ ભવરોગ પણ ચાલ્યો જશે.

- શ્રીઉપાસની બાબા

'શ્રીઉપાસની વાક્‌સુધા-ભાગ-૩', પ્ર. આ., પૃ. ૪૮

**HARIBHAV MAY - 2013**

Regd. under RNI No. 65683/96 & Permitted to Post at AHD PSO
on 10th of every month under Postal Reg. No. GAMC/1208 / 2012-2014
issued by SSP AHD valid upto 31-12-2014
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2012-2014
valid upto 30-6-2014



મેં સાધના અંગે કશું જ સાહિત્ય વાંચ્યું નથી, તેથી તેમાંના યોગ્ય ભાવને માટે કયો યોગ્ય શબ્દ વાપરવો, તે હું જાણતો નહિ હોવાથી તે ભાવને યોગ્ય એવો શબ્દ હું વાપરી શક્તો નથી તેની મને જાણ છે.

-શ્રીમોટા

'જીવન દર્શન', પ્ર. આ., પૃ. ૭૭

Printed and Published by **Prabhudas Jani,** on behalf of **' HARIWANI TRUST'**
11, Dada Rokadnath Society, Ahmedabad - 380 007,
Printed at **Sahitya Mudranalaya Pvt. Ltd.** Ahmedabad - 380 022.
Phone : 079- 25469101/2
Published at Ahmedabad. Editor : **Prabhudas Jani.**
**E-mail : harivanitrust@yahoo.com**



Designer : Mayur Jani / Mobile : 9428404443 / E-mail : janimj@yahoo.com